


# પંખ

**અંક ૪૮ | જાન્યુઆરી ૨૦૨૧**

સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન

# વાચકોના પ્રતિભાવો

Forwarded
आपनी "चाकड़ो" वाँच्युं... माटी साथे नो नातो मात्र कुम्भकर भाईओ नें ज नहीं पण समग्र मानवजात ने सीधो सम्बन्ध छे अने आपे साचु लख्यु छे के (सोहनलाल ना मुखे थी) आपडू माटीने घड़िये छिये ऐना करता माटी आपडू घडतर वधारे करे छे.... Awesome line 👌
👍
सुन्दर वारता बदल लाख लाख सलाम Hiral
Abhinay Vyas 🙏
7:39 PM

...sorry 🙏
...માં લખાયેલી આ વાત સાચી
...દોષ હોય તેમ લાગે છે
...તેમને GOI દ્વારા પદ્મવિભૂષણ ૧૯૧૧ માં અપાયો તેમ છપાયું છે .
તેમનાં નામે બીજો પણ એક રેકોર્ડ હતો
સૌથી મોટી ઉમરે કાર ચલાવવી એ તેમને ખાસ હેતુ થી licence extension આપેલું
ટાટા એ નેનો કાર તેમને ભેટ આપી હતી
-Vinodbhai Dave.

Forwarded
Bahu saras story chh...
Abhinandan prabhun...
rahe keep it up

માનવ જીવન ખરતી ઉલ્કા જેવું છે.
પણ, અહીં રંજન બેને પરખ અને એના દાદાના સંવાદ અને પરખના પ્રશ્ન દ્વારા કોઈ ગોપિત સત્ય ઉજાગર
કરવાનો અનાયાસે પ્રયાસ કરેલ છે.
- અને ગુરુત્વાકર્ષણથી કોઈ પણ પદાર્થ
નીચેની તરફ ખેંચાય, જ્યારે કુદરતનું
ગુરુત્વાકર્ષણ ઉપર તરફ ખેંચે......
- જવાબ માટે દાદાની દર્શાવેલ મુંઝવણ પણ યોગ્ય છે...
સરસ લઘુકથા ! અભિનંદન, રંજનબેન !
- માણેકલાલ પટેલ

Forwarded
" પંખ "મેગેઝીન એ નવોદિત ... નવી પાંખો આપી મસ્ત સાહિત્ય... મોકો આપે છે. ... બધા વિભાગો ખૂબ જ... મિનીટ, શબ્દસંપૂટ... ગમ્યા. ખરેખર ... પેઈજ...
7:39 PM

Forwarded
વાહ, અભિનંદન...વિષયની વિસ્તૃત માહિતી ને રજૂઆત. પૂરતો સમય આપી લેખ ને ન્યાય આપ્યો છે. ખૂબ સરસ. દર વખતની જેમ એકદમ સરળ ને પ્રભાવી શૈલી સાથે વર્ણન. 🥰👍 Keep writing. 💐
-ત્વન્ની ટેંડેલ.
7:39 PM

Forwarded
પ્રથમ વાર પંખ મેગેઝિન વાચ્યું. વૈવિધ્ય... સામગ્રી, અભિભૂત થવાયું. હિરલ વ્યાસની રાખ વારતા ખૂબ ગમી. ... જોશીની સ્નેહ સમજ આપી ગયી. ... કૃશિનદાવડાની માઇક્રોફિક્શન આશ્ચર્ય... ઝણઝણાવી ગયી. ... કરણ મિસ્ત્રીની ફાવી ગયુ મા સરસ વ્યંગ. ... સરસ મેગેઝીન.

Forwarded
સરસ મજાનો આ અંક શરૂ કર્યો છે ખૂબ સારી માહિતી પીરસવા બદલ પંખ ની ટીમ નો આભાર વ્યક્ત કરું છું.
...વેમ્બર 2020 ના અંકમાં આવેલ લેખ 'હવે હું શું ...બ જ સરસ છે
7:39 PM

"જસ્ટ બે મિનીટ" નાની પરંતુ અતિસુંદર...નવેમ્બર-૨૦૨૦ અંક
દિપક ચિટણીસ
7:39 PM

Forwarded
આવાં સ્ત્રીઓ માટેનાં અછૂત વિચારો ધરાવતાં સમાજમાંથી સ્ત્રીએ જે આજે પોતાની છાપ સુધારી, એપણ સ્વયંભૂપણે...!!તેનાં પાયામાં આ હોમાય વ્યારાવાળા જેવી મજબૂત સ્ત્રીઓ હતી એ ભુલાવું નહિ જ જોઈએ. જ્યારે પણ કોઈ સ્ત્રી કાંઈ નવું કરવાં માટે આગળ વધી તો શરૂવાત માં એને અનેક પુરુષોનાં અને સ્ત્રીઓનાં મહેણાં ટોમણા,અપમાન સહન કરી આગળ વધવું પડ્યું છે, ત્યાં આજ આવી હલકી માનસિકતા ધરાવતાં આજ સમાજે એવાં પણ ઉમદા વિચાર ધરાવતાં ઘરપરિવાર આપ્યાં છે જેમણે પોતે આવી સક્ષમ સ્ત્રીઓની પ્રતિભા ઓળખી મનોબળ સશક્ત રાખવાં મદદરૂપ થયાં છે.આ વાત કોઈ બેન નકારી શકે જ નહીં!
આદરણીય હોમાય વ્યારાવાળા ને સો-સો સલામ... બંસરી દીકરી... તારાં આ ઉમદા કામને સો સલામ...શુભાશિષ આપતાં એટલું જ કહીશ... લગે રહો બંસરી બાઈ... ALL THE BEST... LOVE YOU 👏👏
👌👌👍🙌🙌🙌🌹🌹👏👏👏👌
🥰❤️🌹🌹🌹

Forwarded
ખૂબ સરસ વર્ણનશૈલી. એક ... અંતરના અવાજને અનુસરીને સમા... પ્રગતિશીલ પરિવર્તન માટે પોતાનો ફાળો ન... છે.તસ્વીરથી જીવાયેલી ક્ષણો અમર બની રહે છે. હોમાઈજીના યોગદાનથી ઇતિહાસની નોંધપાત્ર ઘટનાઓ અમર બની રહી. તમારા પ્રયાસોથી અલગ -અલગ સ્ત્રી પાત્રોની માહિતીની સાથે -સાથે પ્રેરણા મળે છે. અંતરકેડીનો પથ આગળ ને આગળ ધપતો રહે એવી શુભેચ્છા.💐💐💐
💐
-ધારા ગાડારા.
7:39 PM

Forwarded
...2020 ના આકર્ષણ
...ટોળામાંનું નોખું ઘેટું અદભુત
...ટોઈન સુંદર જાણકારી મળી.
...અભિનંદન લેખકને.
3) ચાકડો - નાની નવલિકા આનંદ થયો.
4) જસ્ટ બે મિનિટ ઉલ્કા અંગેની અસરકારક માહિતી મજા આવી.
5) અંતરકેડી-બહુજ સુંદર આનંદ મળ્યો વાંચવાનો.

Forwarded
વાહ!ખૂબ જ સુંદર આલેખન.સુરક્ષિત બ... તંદુરસ્ત સમાજનો પાયો છે. અસુરક્ષિત... વાતાવરણમાં ઉછરતા બાળપણ તરફ... જ કોઈની દ્રષ્ટિ જતી હોય છે.અંતર... પાત્રએ પોતાના અંતરના અવાજને... કેટલાય બાળપણને બચાવી માતૃત્વ... રીતે માનવતાને મહેંકાવનારની પ્રેરણાદાયી ક... આપતા રહો તેવી શુભકામના.
7:39 PM

Forwarded
માહિતીસભર લેખ
-ઉષા પંડ્યા.

...rwarded
માહિતીસભર લેખ..અભિનંદન બેન
-ઉષા પંડ્યા.
7:39 P...

Forwarded
જય શ્રી કૃષ્ણ... હોમાઈ વ્યારા વાળા ની અંતરકેડીમાંથી ઘણું બધું શીખવા જેવું છે, કઈ સ્ત્રી કયા દ્રષ્ટિકોણથી લે,તેનાં પર આધાર છે
-વિભાવરી લેલે
7:39 PM

Forwarded
Khub j saras varta chhe .khub khub abhinandan bansari
7:39 PM

Forwarded
Perfect combination of w...
photography
-Tushar joshi.

Hitaen Bhatt
👍👍👌
8h Like Reply

Harendra Piludaria
મેગેઝીન નું પૂરું સરનામું આપવા વિનંતી
7h Like Reply

DrRanjan Joshi https://pankhma...

Principal KT Patel
Very nice...keep it up...congo
6h Like Reply

Panna Shah
ખૂબ ભાવુક વિચારો ને અહીં પ્રસ્તુત કર્યાં છે .નાનું બાળક તો નિખાલસ ભાવે બોલી ઊઠે પણ આપણ ને જરૂર વિચાર કરતાં પણ મુકી દે છે. Keep up & go ahead successfully. 💯
13m Like Reply

Forwarded
મારા ખ્યાલ મુજબ "પંખ"નો આ બીજો અંક છું વાંચી રહ્યો છું.લેખો, કવિતાઓ ખૂબ સારા,ચિંતનાત્મક અને રસપ્રદ છે. સર્વ... કવિગણને અભિનંદન સાથે ધન્ય... ...ી જ બધું પીરસાય તો તે... ...લોકભોગ્ય બની... ...ન સાથે આભ... 🙏🙏
...સાબરકાં...

Forwarded
બંસરી તમે સરસ સાહિત્યિક પ્રવૃત્તિ કરોછો...તમારા પહેલાં લેખથી j તમારી ... અને dedication નોધપાત્ર રહ્યાં છે.
👍👏✨
-Nirzari Mehta

👌👌👌 11:12 AM
ખૂબજ સુંદર
સુપર્બ
વાંચીને અતિશય આનંદ થયો
નાનકડા કાવ્યને ખાલી ઓરડામાં ઘંટડીનો રણકાર વ્યાપે એવી મંજુલ નાજુકાઇથી વિસ્તાર્યું. 🌷
👌👌👌👌 11:19 AM

રાજુલ એમની કવિતા સાથે તારી કલમ પણ રસતરબોળ બની છે, કોઈ લલિત નિબંધ જેટલું સુંદર લખાણ, વાંચતા વાંચતા સગાઈ અને લગ્નજીવન વચ્ચેનો સુવર્ણકાળ યાદ આવી ગયો ત્યારે જો ફુરસદ હોત તો મેં આવું જ કંઈક ...ોત, અને પેલી કુંડાની ... બે નામ વાવવાની ...અમારી જિંદગીની હકીકત ...રા ઘરની સામેના ... ઉદયે સગાઈ વખતે ...ઈન બનાવી નાનકડા ...ગુલાબના છોડ રોપ્યા ...ાકારમાં..અને વચ્ચે બે ...ને ઉષાના.. જે લગ્ન ...ખીલી જઈને અમારા ...ટલા જ રોમેન્ટિક

# આ અંકમાં...


**૧ સંપાદકની કલમે**

પોતપોતાની 'સંઘર્ષ-કથાઓ'

યાજ્ઞિક વઘાસિયા

**૩ જસ્ટ બે મિનિટ**

ભાવતા ભોજન

ડૉ. રંજન જોષી

**૪ TECH-TALK**

બીટકોઈન

વિપુલ હડિયા

**૮ CONNECTING... કવિતા**

ગઝલ

નિકુંજ ભટ્ટ

**૯ CONNECTING... કવિતા**

ગઝલ

નીલેશ ગોહિલ

**૧૦ વાર્તાનું આકાશ**

બદલો

હીરલ વ્યાસ

**૧૩ અંતરકેડી**

ઉઘાડી રાખજો બારી (ભાગ ૧)

બંસરી જોષી

**૧૭ તમને મળ્યાનું યાદ**

મોના લિયા વીકમશી

રાજુલ ભાનુશાલી

## આ અંકમાં...


**૨૧** **માઈક્રો-વિશ્વ**

ટિફિન

કિશન એમ. દાવડા

**૨૨** **શબ્દ-સંપુટ**

'કરજ ૨૦૦ રૂપિયાનું' - એક સત્યઘટના

ડૉ. કાર્તિક શાહ

**૨૬** **વાર્તા-સેતુ**

તુલસી ક્યારો

તેજલ શાહ

**૨૮** **REWINDING...**

દીકરો

ઝવેરચંદ મેઘાણી

**૩૪** **મને મારો જ પ્રશ્ન**

પ્રશ્ન ૯: મારે કેમ કોઈ સારા મિત્રો નથી બનતા?

ધર્મેન્દ્ર જોષી

## ❖ અમારો સંપર્ક અહીં કરો...

WhatsApp
https://wa.me/916355953355

Telegram
https://telegram.me/pankhemagazine

Gmail
pankhemagazine@gmail.com

## ❖ અમને Follow અહીં કરો...

Facebook
https://m.facebook.com/pankhemagazine

Instagram
https://www.instagram.com/pankhemagazine/

Telegram Channel
https://t.me/pankhemagazineofficial

Twitter
https://twitter.com/pankh_emagazine

YouTube
https://m.youtube.com/channel/UCakmCpwf4oF2ZICl-YPlVDg

## ❖ અમારા વિશે સંપૂર્ણ માહિતી અને જૂના અંકો...

Website
https://pankhmagazine.com/



# સંપાદકની કલમે

## યાજ્ઞિક વઘાસિયા

## પોતપોતાની 'સંઘર્ષ-કથાઓ'





કવર-પેજમાં એક નાનો છોકરો દેખાય છે. કોઈના પણ હાથમાં કોઈ પુસ્તક હોય, એ આ સમયની દુર્લભ ક્ષણોમાંની એક છે. ઓનલાઈન ક્લાસની જેમ હવે આપણે ત્યાં નોટ્સ અને પુસ્તકોએ પણ ડીજીટલ સ્વરૂપ લઈ લીધું છે. ક્યારેક ડાયનોસરની જેમ પેન અને કાગળ પણ કદાચ દુનિયામાંથી લુપ્ત થઈ જાય, તો નવાઈ નહીં! પણ મારે આજે એ વાત નથી કરવી. મારી વાત કંઈક અલગ છે.

લગભગ દરેક વ્યક્તિએ એમના માતા-પિતા, દાદા-દાદી કે બીજા કોઈ વડીલો પાસેથી પોતાના સમયની સંઘર્ષ-કથાઓ સાંભળી હશે. કોઈકના પપ્પા દસ રૂપિયા લઈને ગામડેથી શહેર આવ્યા હશે, તો કોઈકના મમ્મીને આગળ ભણવું હશે તોય એમના પપ્પાએ (એટલે કે, તમારા નાનાએ) ચાર ચોપડીથી આગળ નહીં ભણાવ્યા હોય. ઘણાનાં દાદા નદી ઓળંગીને સ્કૂલે ગયા હશે. તો ઘણાનાં દાદીના કાચી ઉંમરે લગ્ન કરાવી દેવામાં આવ્યા હશે. બધા પોપોતાના સંઘર્ષ પછી ઘણુંબધું વેઠીને જીવનમાં આગળ આવ્યા હશે, અને કોઈ સારા મુકામે અત્યારે તેઓ પહોંચ્યા હશે તો તેઓની વાત 'સઘર્ષ હતો, પણ...'થી શરુ અને જો નહીં પહોંચ્યા હોય, તો એમની વાતો 'પણ, સંઘર્ષ હતો...' સાથે પૂરી થતી હશે. કોઈ પણ ફિલ્મ જોશો કે પુસ્તક (કોઈ પણ જોનરનું) ઉઠાવીને વાંચશો, તો એમાં પણ તમને એ જ જોવા મળશે.

સંઘર્ષોના પ્રકાર પેઢી-દરપેઢી બદલાતા હશે, પણ એની માત્રા પેઢી-દરપેઢી બદલાતી નથી. ત્યારે કોઈ અલગ તકલીફો હતી, અત્યારે કંઈક અલગ છે. એનો સ્હેજ પણ મતલબ એ નથી કે, અત્યારની પેઢીને ગઈ પેઢી કરતા કે આવનારી પેઢીને અત્યારની પેઢી કરતા 'રાહત' અને 'હાશકારો' છે. એક જ પેઢીની

બે વ્યક્તિઓ પાસે પણ પોતાના સંઘર્ષની અલગ જ કથા છે. સંઘર્ષ કોઈ બીજી વ્યક્તિ સાથે પણ હોઈ શકે, કોઈ પરિસ્થિતિ સાથે પણ હોઈ શકે કે ખુદ સાથે પણ હોઈ શકે! **આખું વિશ્વ 'સંઘર્ષ'નું જ એક અંતિમ સર્જન છે, જે અંતિમ નથી પણ!**

જ્યારથી માનવજીવનની શરૂઆત થઈ ત્યારથી જ આપણે એક 'મિશ્ર-સમાજ'માં રહીએ છીએ. 'મિશ્ર-સમાજ' એટલે એવો સમાજ, કે જેમાં એકસાથે બધા પ્રકારના લોકો અને સમુદાયો એકસાથે રહે. જેમ કે, કોઈ પણ યુગના, કોઈ પણ સમયે એવું ક્યારેય ના બને, કે જેમાં બધા જ એકસરખા સ્થાન પર હોય. એવા સમાજની રચના શક્ય જ નથી. શાંતિથી વિચારશો તો સમજાશે કે, 'સમાનતા'નો ભાવ એ એક માનસિક કે આંતરિક ભ્રમણામાત્ર છે. પણ ભૌતિક રીતે, આધ્યાત્મિક રીતે કે બીજી કોઈ પણ રીતે પ્રત્યક્ષ જોવો, તો સમજાશે કે સમાનતા ક્યાંય સંભવી જ ના શકે! ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ મુજબ, સંઘર્ષની ચાર દીવાલોને તોડીને જે બહાર નીકળે શકે, એ જ સમાજમાં ટકી શકે. ને જયારે પણ સંઘર્ષ કરવાનો બંધ થાય, ત્યારે ફરી એ જ ચાર દીવાલો વચ્ચે કેદ થઈ જવું જ પડે. કહેવાનું તાત્પર્ય એ છે કે, જે અત્યારે શેઠ છે, એના વડવાઓ ક્યારેક નોકર પણ હતા, ને જે અત્યારે નોકર છે, એના વડવાઓ ક્યારેક શેઠ પણ હશે! ને અત્યારે એમની જે સ્થિતિ છે, એ કોઈ કાયમી સ્થિતિ નથી. આથી તમે કંઈક મેળવવા માટે ઈચ્છા રાખી શકો, સંઘર્ષ કરી શકો, પણ એની પર તમારો અધિકાર નથી. મહાભારતમાં કૃષ્ણ અને કર્ણ વચ્ચેના સંવાદ પણ આ જ વાત સમજાવે છે. તમે પણ આ વિષે તમારા વિચારો અમને મોકલી શકો છો.

આ અંકમાં 'Rewinding...' કોલમમાં રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીના શૌર્યરસથી છલકતાં પુસ્તક 'સૌરાષ્ટ્રની રસધાર'માંથી 'દીકરો' વાર્તા લીધેલી છે, જે તમે કદાચ સ્કૂલમાં ભણ્યા પણ હશો. આપને આ અંક કેવો લાગ્યો, એ આપ અમને અમારા વ્હોટ્સએપ, ટેલિગ્રામ, ફેસબૂક, મેઇલ અથવા ઈન્સ્ટાગ્રામમાં જરૂર જણાવો. એ માટેની લિંક અંકના અંતમાં આપી છે. નવું વર્ષ થોડી નવી ઉમ્મીદ લઈને આવ્યું હોય એવું લાગે તો છે. ગયા વર્ષે ખોરવાયેલું જનજીવન હવે આ વર્ષે અમુક પ્રતિબંધો સાથે લગભગ રાબેતા મુજબ થતું જાય છે.

**(નોંધ:** ગયા અંકમાં બંસરી જોષીની કોલમ 'અંતરકેડી'માં હોમાઈ વ્યારાવાલાને પદ્મવિભૂષણ ૨૦૧૧ને બદલે, ૧૯૧૧માં અપાયો, એમ છપાયું છે. એ ક્ષતિ એક વાચક વિનોદભાઈ દવેએ નોંધી અને અને અમને જાણ કરી. એ ભૂલ માટે હું દિલગીર હોવાની સાથે એમનો ખૂબ આભારી પણ છું.)



**ડૉ. રંજન જોષી**

# જસ્ટ બે મિનિટ

## ભાવતા ભોજન



"બિંદુ, આજે જમવામાં મગની દાળનો શીરો, ઓળો, રોટલા ને સલાડ બનાવજો હોં." સાસુમાએ વહુ બિંદુને સંબોધતા કહ્યું.

"અરે વાહ મમ્મી, આજે તો બધું બિંદુનું ભાવતું.. ખાલી એક લસણીયા ગાજર ઘટે. પણ આજે એનો બર્થ ડે તો નથી!" સાસુ વહુની ચર્ચામાં કેશવ વચ્ચે કૂદી પડતા બોલ્યો.

"ના ના.. બિંદુનું નહીં, ભાવિનકુમારનું ભાવતું." બિંદુનું મોં થોડું ઝંખવાઈ ગયું.

"મમ્મી, જમાઈ એક દિવસ આવે તોય એમને કેટલા સાચવવાના!" કેશવ થોડો વ્યગ્ર થતા બોલ્યો.

"જમાઈને તો સાચવવા જ પડે ને.. એ આપણી દીકરીને કાયમ સાચવે છે." કાંતાબેન પોરસાતા બોલ્યા.

"મમ્મી, આ હિસાબે તો જમાઈ કરતા વહુને વધુ સાચવવી જોઈએ. કારણ કે એ ખાલી દીકરાને નહીં, દીકરાના મમ્મી-પપ્પા, ભાઈ-બહેન બધાંને કાયમ સાચવે છે." કેશવની દલીલ સચોટ હતી.

કાંતાબેન ચપ્પુ ને ગાજર હાથમાં લઈ લસણીયા ગાજરની પણ તૈયારી કરવા લાગ્યા.



# Tech-Talk

## વિપુલ હડિયા

## બીટકોઈન



જો 'બીટકોઈન' શબ્દ વિષેનો આ લેખ તમે ૨૦૧૬-૧૭માં વાંચતા હોત તો કદાચ એ પાછળનો હેતુ શેરમાર્કેટની જેમ તેમાં રોકાણ કરવાનો હોત. પણ આજે તમે માત્ર માહિતી માટે એ વાંચવાનું પસંદ કરશો. પંખ મેગેઝીનના ડીસેમ્બર મહિનાના અંકમાં આપણે 'બ્લોકચેઇન' વિષે વાત કરી છે. અને ત્યાં એ પણ ઉલ્લેખ કરેલ કે બ્લોકચેઈન ટેકનોલોજી એ બીટકોઈન અને અન્ય ક્રીપ્ટોકરન્સી માટેની ચાલક ટેકનોલોજી છે. જો આપે ગયા મહિનાનો 'બ્લોકચેઈન' વિષેનો લેખ નાં વાંચ્યો હોય તો સૌથી પહેલા એ વાંચી લો, જેથી બીટકોઈનને સરળતાથી સમજી શકાય.

બીટકોઈનની સમજ ભારત સુધી પહોંચી ત્યારે બીટકોઈન વિષે એટલી બધી અફવાઓ, માન્યતાઓ અને લાલચ હતી કે હજી આજે પણ લોકો બ્લોકચેઈન અને બીટકોઈનને એક બીજાના સમાનાર્થી શબ્દો સમજે છે. પણ એવું નથી, બ્લોકચેઈન એ એક ફૂલપ્રૂફ ટેકનોલોજી છે, જે ખાતાબુકની દરેક એન્ટ્રીને સુરક્ષિત અને વિશ્વસનીય બનાવે છે. એવું કેમ? એ વાત ગયા મહિનાના અંકમાં કરી છે પણ અહીં ટૂંકમાં કહીએ તો જો તમારી ખાતાબુકમાં એક લાખ એન્ટ્રી હોય અને તમારે કોઈ એક સાથે છેડછાડ કરવી હોય તો તમારે એ દરેક એટલે કે લાખ એન્ટ્રીમાં સુધારા કરવાના થશે, જે શક્ય નથી. બીજી વાત એ કે બ્લોકચેઈનમાં માત્ર સુધારો કરવો પુરતો નથી, આ એક ડીસ્ટ્રીબ્યુટેડ ખાતાબુક છે. અન્ય લોકો ભલે કોણે, કોની સાથે લેવડદેવડ કરી એ ના જોઈ શકે, પણ એ લેવડદેવડમાં કોઈ ભૂલ છે કે નહીં, એ ચેક કરી શકે એટલે કદાચ ક્યારેય જો બ્લોકચેઈન સાથે છેડછાડ થાય તો પણ ખાતાબુકમાં એ એન્ટ્રીને ઓથેન્ટિક ગણી શકાશે નહીં.

તો હવે પ્રશ્ન એ આવે કે બ્લોકચેઈન કોઈ એક સરકાર કે કંપની ચલાવતી નથી.

તો જે લાખો ઈન્ટરનેટ વપરાશકર્તાઓ દરેક બ્લોકની ખરાઈ શા માટે કરે? આ દરેક બ્લોક એન્ક્રીપ્ટેડ હોય છે, જેમને ચેક કરવા સારા પ્રોસેસિંગ પાવરના કમ્પ્યુટર જોઈએ, એ કમ્પ્યુટરને ચલાવવા વીજળી અને ઈન્ટરનેટ કનેક્શન જોઈએ અને સૌથી અગત્યનું કે યુઝરે પોતે પણ સમય ફાળવવો પડે. તો કોઈ વ્યક્તિ બીજાની માહિતીની ખરાઈ માટે આવો ખર્ચ શા માટે કરે? આ સમસ્યાના નિરાકરણ રૂપે જાપાનના કમ્પ્યુટર નિષ્ણાંત સાતોશી નાકામોટોએ જાન્યુઆરી ૨૦૦૯માં બીટકોઈન નામની ક્રીપ્ટોકરન્સી એટલે કે ડીઝીટલ નાણું વિકસાવ્યું. જે લોકો બ્લોકચેઈન દ્વારા થતી કોઇપણ પ્રકારની લેવડ-દેવડ ચેક કરતા હોય છે એમને એમણે વાપરેલા સંસાધનો અને સમય માટે જે વળતર આપવામાં આવે છે એ ડીઝીટલ સ્વરૂપમાં હોય છે જેને આપણે ‘બીટકોઈન’ તરીકે ઓળખીએ છીએ. અને જે લોકો આ પબ્લિક લેજર પર બ્લોકચેઈનની ખરાઈ કરે છે એ લોકોને ‘માઈનર્સ’ (એટલે કે, ખાણીયા) અને આ પ્રક્રિયાને ‘માઈનીંગ’ કહે છે. અહીં એ પણ નોંધ લેજો કે સાતોશી નાકોમોટો નામના વ્યક્તિ હજી પણ રહસ્ય જ છે. આ નામના કોઈ વ્યક્તિએ હજી સુધી પોતાની ઓળખ અને કામ સાબિત નથી કર્યું. આ નામ ઇન્ટરનેટ પર ચાલતી વિવધ અફવાઓ અને ચર્ચાઓને કારણે વહેતું થયું છે. એક અફવા એવી પણ છે કે આ સાતોશી નાકોમોટો ખરેખર ભારતના કોઈ કમ્પ્યુટર એન્જીનીયર છે, તો વળી કોઈક ઓસ્ટ્રેલીયન બીઝનસમેન પોતાની જાતને સાતોશી નાકોમોટો ગણાવે છે. હકીકત જે હોય તે પણ એક વાત તો માનવી જ રહી કે જે પણ વ્યક્તિએ બીટકોઈનનો કોન્સેપ્ટ વિકસાવ્યો છે, એ ખરેખર ખૂબ ઊંચી બુદ્ધિ પ્રતિભા ધરાવતો હશે.

જયારે ચલણી નાણાની વાત આવે ત્યારે એક મર્યાદા એ પણ આવે કે કોઇપણ દેશ પોતાના રીઝર્વ ગોલ્ડ કરતા વધુ નાણું છાપી શકે નહીં, એવું કરતા એમને ભલે કોઈ અટકાવે નહીં પણ જો કોઈ દેશ એવું કરે તો એનું પરિણામ મોંઘવારી અને ફૂગાવાના એક અનંત ચક્ર સિવાય કશું હોય નહીં. એટલે આવી મર્યાદા બીટકોઈનમાં પણ છે. જેમ-જેમ માઈનર્સ વધતા જાય છે તેમ-તેમ બીટકોઈનનું માઈનીંગ ઓછુ થતું જાય છે. મતલબ કે જો પહેલા એક બ્લોક વેરીફીકેશન માટે એક બીટકોઇન મળતો હોય તો પછી એ



બે બ્લોક માટે એક થયો, ત્યાર બાદ ચાર, પાંચ, દસ, પચાસ, સો એમ બીટકોઈનની સંખ્યા ઘટવા લાગી અને કિંમત વધવા લાગી. આજ સુધીમાં લગભગ એકવીસ મીલીયન જેટલા બીટકોઈન મળ્યા છે, અને હવે એક બીટકોઇન માટે પણ ઘણું જ માઈનીંગ કરવું પડે છે કેમ કે એક બીટકોઈનની કીમત આજે ૨૮૯૦૦ ડોલર એટલે કે એકવીસ લાખ સતર હજાર જેટલી છે. એક સમય એવો આવી જશે કે નવા બીટકોઈનું ખાણકામ લગભગ બંધ થઇ જશે. તાજા સમાચાર મુજબ બીટકોઈનની કિંમત 30 ડીસેમ્બર, ૨૦૨૦ના દિવસે એની સર્વોચ્ચ સપાટી પર હતી. અને જે રીતે બીટકોઈનની વ્યાખ્યા થયેલી છે, એ મુજબ નવા બીટકોઈન મળવાના નથી. એટલે જે છે, એની કિંમતમાં સમય સાથે વધારો થયા જ કરવાનો છે.

ગયા અંકમાં બ્લોકચેઈનની વિશ્વસનીયતા વિષે ઊંડાણમાં વાત કરેલ. આ બ્લોકચેઈન ટેકનોલોજી એટલી સુરક્ષિત છે કે અમેરિકા સિવાય કોઇપણ દેશમાં બીટકોઈન કાયદેસર કરન્સી ના હોવા છતાં લોકો આંખો બંધ કરીને એના પર ભરોસો કરે છે. ઘણી બધી ઇકોમર્સ સાઈટ અને અમુક પાયરેટેડ ફિલ્મ ડાઉનલોડ કરવાની સવલત આપતી વેબસાઈટ બીટકોઈન સ્વરૂપે ડોનેશન સ્વીકારે છે. કોઇપણ સરકારના ટેકા વિના આજે બીટકોઇન દુનિયાનું સૌથી મોંઘુ ચલણી નાણું છે. વળી સોનાની જેમ બીટકોઈનનું કોઈ ભૌતિક સ્વરૂપ પણ નથી, છતાં કોઇપણ વ્યક્તિને બીટકોઈન પર કોઈ શંકા નથી. બીટકોઈન પર આટલો વિશ્વાસ હોવાનું કારણ બીટકોઈનના ચાલકબળ એવી બ્લોકચેઈન ટેકનોલોજી છે, જ્યાં બધું જ પારદર્શક પણ છે અને સુરક્ષિત પણ છે.

ઇન્ટરનેટ પણ અમુક બ્લોગમાં એક અંગ્રેજી વાક્ય જોવા મળે છે: “Block chain is the answer, now tell me the question!” મતલબ આધુનિક સમયની તમામ સમસ્યાઓનું નિરાકણ જે-તે કામમાં બ્લોકચેઈન ટેકનોલોજીનો ઉપયોગ કરીને લાવી શકાય એમ છે. અને બ્લોકચેઈનનો સૌથી શ્રેષ્ઠ અને માણસોને લલચાવે એવો



ઉપયોગ બીટકોઈનમાં થયો, એટલે બીટકોઈન અને બ્લોકચેઈન એકબીજાના પર્યાય બની ગયા છે. ભારત જેવા દેશની બેન્કિંગ સીસ્ટમમાં જો બ્લોકચેઈન લાગુ કરી દેવામાં આવે તો બેન્કિંગ કાર્યો છે એના કરતા અનેક ગણા સરળ અને અનેક ગણા ઝડપી બનાવી શકાય છે. નિષ્ણાંતો માને છે કે બીટકોઇન જેવી ક્રીપ્ટોકરન્સીથી વ્યવહારો ઘણા સુરક્ષિત રીતે કરી શકાય અમે છે પણ બીટકોઈન જેવી ક્રીપ્ટોકરન્સીને કાયમી ચલણમાં લાવવા ઘણું કામ બાકી છે, હજી તો માંડ આપણે નેટ-બેન્કિંગ જેવી સુવિદ્યાઓ વાપરતા થયા છીએ.





નિકુંજ ભટ્ટ

## ગઝલ

વર્ષો પછીય દિલને મનાવી શક્યાં નહીં,
બારી ઉપરથી પડદો હટાવી શક્યાં નહીં.

એવી બડાઈ મારે છે હરણાંનું ટોળું કે,
અમને તો ઝાંઝવાંય હરાવી શક્યાં નહીં.

મેં સ્પષ્ટતા કરી કે વચન આકરાં હતાં,
કહેવું કઇ રીતે કે નિભાવી શક્યાં નહીં.

કોયલ તો મારા પક્ષમાં બોલી નહીં કશું,
ને પાંદડાંય સાખ પૂરાવી શક્યાં નહીં.

સઘળી જવાબદારી પૂરી ના થઇ શકી,
બે આંસુઓનો ભાર ઉઠાવી શક્યાં નહીં.

નિષ્ફળ ગયા બધાય ચિતારાના કીમિયા,
આંખોમાં કોઇ શબ્દ બતાવી શક્યાં નહીં.

બાંધી દીધી છે ઇચ્છા બધી બારસાખ પર,
આથી વધારે ઘરને સજાવી શક્યાં નહીં.



નીલેશ ગોહિલ

જ્યાં ગણતરી થાય નહિ,
વાત ત્યાં મંડાય નહિ.
હોય અજવાળાનો ભય,
તો નયન ખોલાય નહિ.
આમ કૈ પીંછા થકી,
મોરને પીંખાય નહિ.
દિલમાં લાગે લાય, તો!
ફૂંકથી ઓલાય નહિ.
આંગળી જાલ્યા પછી;
કોણ છે? જોવાય નહિ.
મૌન જ્યા મસ્તીમાં હોય,
ત્યાં જઈ પડઘાય નહિ.
એક સહારો જોઇએ,
એકલાં જીવાય નહિ.
ટોકરી બાંધો હવે,
રેઢું મન મૂકાય નહિ.
કોણ સમજાવે તને,
આટલું મહેકાય નહિ.

## ગઝલ

મનમાં ને મનમાં બબડું છું,
હું'ય મને કેવો કનડું છું?
એમાં ખોટું શું છે કે'ને?
તું જો ઝઘડે તો ઝઘડું છું.
યાદ કરે ત્યારે રહું હાજર,
આમ ગમે ત્યાં હું રખડું છું.
લે... તું કર ભાંગીને ભૂકો,
હું તારે કાજ રમકડું છું.
તેમ છતાં આવે તારી યાદ,
હું ડફણું લઈને તગડું છું.
ક્યાં જાવું એ કૈ સૂઝે નહિ,
હું મુંઝાયેલું મનડું છું.
હું દુભાયેલાં દિલ માટે,
નિર્દોષ કલમને રગડું છું.



# વાર્તાનું આકાશ

## બદલો

### હીરલ વ્યાસ




ગઈકાલે જ્યાં મોટામોટા લોકોની ચહલ પહલ હતી ત્યાં આજે 'Crime scene. Don't cross'ની પીળા રંગની મોટી પટ્ટી લાગાવેલી હતી. ઘરમાં ફોરેન્સિક ટીમ અને પોલીસની અવર જવર હતી. પલંગ પરની ચાદર લોહીથી ખરડાયેલી હતી. રુમની વસ્તુઓ વીખરાયેલી હતી. કબાટ મગરના મોઢાંની જેમ ખુલ્લાં પડ્યા હતાં. જ્યાંથી સુમંતરાયની લાશ મળી હતી, તે જગ્યાને માર્ક કરીને રખાયેલી હતી અને લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાઈ હતી. એક ફોટોગ્રાફર રુમની દરેક વસ્તુના જુદા-જુદા એંગલથી ફોટા પાડી રહ્યો હતો. ફોરેન્સિક ટીમ દરેક શંકાસ્પદ વસ્તુઓ ભેગી કરવામાં રોકાયેલી હતી.

ઘરના બન્ને નોકરો ફફડી રહ્યાં હતાં. ઘરમાં સતત એમની જ હાજરી હોય છે, એટલે પહેલો શક અને પહેલી પૂછપરછ પોતાની જ થશે એ નક્કી હતું.

"તમે કેટલા સમયથી અહીં કામ કરો છો?"

"દસ વર્ષ."

"સુમંતરાયની સાથે બીજુ કોઈ રહેતું હતું?"

"ના. એ એકલા જ હતા. કોઈ સગાની પર ક્યારેય અવર જવર જોઈ નથી. બિઝનેસ માટે લોકો આવતા એ જ. બાકી તો એમનો સ્ટાફ જ એમનો પરિવાર."

સુમંતરાયના હત્યાના સમાચાર વાયુવેગે બિઝનેસ જગતમાં ફેલાઈ ગયા હતા. જાતજાતની અટકળો ચાલી રહી હતી. સુમંતરાય છેલ્લા વીસ વર્ષથી શહેરમાં રહેતા હતા અને બિઝનેસ જમાવ્યો હતો. જોકે વીસ વર્ષ પહેલાંના સુમંતરાય વિશે કોઈ જાણતું ન હતું. સ્ટાફ-મેમ્બર્સની પણ પૂછપરછ શરુ થઈ. પણ બધાનું તારણ એક જ – "સુમંતરાય સારા માણસ

હતા અને વીસ વર્ષ પહેલાંની જિંદગી વિશે કોઈ માહિતી નથી."

હત્યા માટે વપરાયેલા ચાકૂ પરના નિશાન સંદિગ્ધ હત્યારાઓ સાથે અને ગુનેગારો સાથે મેચ કર્યા. પણ એમાં પણ કોઈ પરિણામ હાથ લાગ્યું નહિ.. સુમંતરાયના ફોન-કોલ્સ પણ ચેક કરાયા. એમાં પણ કંઈ શંકાસ્પદ નહોતું. પોલીસ માટે દિવસે દિવસે કેસ વધુ ગુંચવાતો જતો હતો.

ઘર અને ઓફિસની નવેસરથી તપાસ શરુ કરી. ઝીણામાંઝીણી વસ્તુઓ ચકાસવામાં આવી. ક્યાંકથી કોઈ પગેરું મળે તો ગુનેગાર અને એના કારણ સુધી પહોંચી શકાય. છેવટે સુમંતરાયના બેંકના લોકરો અને બેંક સ્ટેટમેન્ટની ચકાસણી શરુ થઈ. આખરે કેટલાક ફોટા અને દસ્તાવેજો હાથ લાગ્યા. કેટલાક ફોટામાં સુમંતરાય એક કદરુપી કહી શકાય એવી સ્ત્રી સાથે હતાં. ફોટા પરથી બન્ને નવપરિણીત હોય એમ લાગતું હતું. બીજા ફોટામાં એક વડીલ કહી શકાય એવા વ્યક્તિ હતા. પ્રોપર્ટીના દસ્તાવેજોની નકલો પર 'સુમિત શાહ'નું નામ હતું. ફોટાની પાછળ 'પ્રકાશ સ્ટુડિયો, ઉત્તરપ્રદેશ' ઝાંખા અક્ષરોમાં વંચાતું હતું. લોકરમાંથી સુમંતરાયનો એક નવો ચહેરો અને નવું નામ બહાર આવ્યાં.

તપાસ હવે નવા નામ માટે નવેસરથી કરવાની હતી. હવે ફોટોને આધારે એક ટીમ ઉત્તર પ્રદેશ રવાના થઈ અને બને એટલી માહિતી એકઠી કરવામાં લાગી. એક પછી એક ચોંકાવનારા સત્યો બહાર આવવા લાગ્યા. સુમંતરાયના મૃત્યુથી જેને પણ દુઃખ થયું હતું, એ બધા કહેવાતા સુમંતરાય પર ફીટકાર વરસાવી રહ્યાં હતાં. ગામ લોકો પાસેથી સુમન શાહ, પત્ની, અને સુમન શાહના સસરા વિશે ઘણી માહિતી મળી હતી. પૈસા માટે એમણે સસરા અને ગર્ભવતી પત્નીને દગો આપ્યો હતો, ને એ ગુનાને છુપાવવા એક નવી જ દુનિયા ઊભી કરી હતી. જેનો આજે



પર્દાફાશ થયો. હવે પોલીસ માટે ગુનેગાર અને એનો આશય બન્ને સ્પષ્ટ હતાં.

મૂકી રાખેલા માના અસ્થિકળશને માથું લગાવી દીકરાએ નદીમાં અસ્થિવિસર્જન કર્યું ને પગ પોલીસ સ્ટેશન તરફ વળ્યા.





## બંસરી જોષી

# અંતરકેડી

## ઉઘાડી રાખજો બારી (ભાગ ૧)



ઘરની આર્થિક સ્થિતિ એવી કે દાદાના ઘરે રાત્રે એકલા બાજરાના રોટલા થતા ને તે મીઠે દાબીને ખવાતા. પણ ગરીબીનું દુઃખ પરિવારમાં કોઈના મોં પર ક્યારેય વર્તાતું જ નહી. દાદીમાં પોતાને માટે વધેલું જમવાનું માગવા આવેલા યાચકને જમાડી ભૂખ્યા પેટ સૂઈ રહેતા ને દઈ શક્યાનો રાજીપો પૌત્ર જોતો. દાદા સમજાવતા કે જેના મનમાં ધનની, માનની કે કોઈ પણ વસ્તુ માટેની લાલચ હોય, તે દરિદ્ર છે. ધનનું ના હોવું દારિદ્રતા નથી. પાસે ભલે કંઈ પણ ના હોય, પણ તે બાબતનો કોઈ જ વલોપાત ના હોય, એવું અકિંચનપણું એ દારિદ્રતા નથી, પણ નિરુપાધિક અવસ્થા છે.

દાદાની આ વાત પૌત્રને એ વયે સમજાતી નહિ. રાતે કોરો રોટલો ચાવી કોળિયો ગળે ઉતારતા દાદાને કેટલી મુશ્કેલી પડતી તે પડખે બેસીને જમનાર પૌત્ર જોયા કરતો હતો. એક વખત સાંજે દાદા બહારથી આવ્યા ત્યારે ડોશીને ઓસરીમાં ઉપરવટણે કંઇક વાટતા જોઈને 'શું વાટો છો?' - એમ પૂછ્યું. ત્યારે દાદાએ જાણ્યું કે પૌત્ર નિશાળેથી આવ્યો ત્યારે આંબલીનો કોર લેતો આવ્યો છે. તેની ચટણી વટાય છે. આથી તેણે પૌત્રને બોલાવી આંબલીનો કોર ક્યાંથી લઇ આવ્યો તે સંબંધમાં પૂછ્યું અને જ્યારે જાણ્યું કે નિશાળના ચોગાનની આંબલીનો કોર છે, ત્યારે દાદાએ પૂછ્યું: "કોર કોણે ઉતારી દીધો?"

પૌત્રે કહ્યું, "મેં ઉતાર્યો."

"તું ઝાડે ચડ્યો'તો? જનોઈયાળ છોકરાથી ઝાડે ચડાય?" એ વખત બ્રાહ્મણોમાં આચાર બહુ પળાતો. એટલે ગુસ્સે થયેલા દાદાએ ઓશરીની થાંભલીએ વર્ષોથી બાંધી રાખેલું વેતરૂં છોડ્યું ને બેવડું વાળી

વાંસામાં સબોડ્યુ ને કહ્યું,

"મારે તું ખોટનો દીકરો છો. ઝાડે ચડે તે મારે ના પોસાય. જનોઈયાળ થઇ જો ફરી ચડ્યો છો તો આમ મારીશ." એમ કહી ફરીવાર વેતરું વાંસામાં વીંઝી દીધું. દાદીમાએ આડા પડી છોકરાને છોડાવી ગોદમાં દાબી દીધો.

તે રાતે રોજ મુજબ પૌત્રોને લઇ દાદા જમવા બેઠા. કાકી લાજ કાઢી રોટલા ઘડતા'તા. પાસે જમાડવા માટે દાદી બેઠા 'તા. સામી ભીતે ચાળા પર દિવેલનો દીવો બળતો 'તો. જમવામાં થાળીમાં રોટલા ને મીઠાની સાથે આજે ચટણી હતી. દાદાએ ચટણી સાથે રોટલો ખાધો ને ગળગળા થઇ બોલ્યા, "આજે ખાધું ભાવે છે, મારે ગળે રોટલો ઉતરે." અને તે સાથે દાદાની આંખમાંથી આંસુ ટપકી થાળીમાં પડ્યા. બાજુમાં બેઠેલો પૌત્ર દાદા તરફ તાકી રહ્યો. લાજમાંથી સોંસરવા કાકી ને દાદીમા આ દ્રશ્ય જોઈ રહયા.

આવા સમૃદ્ધ ભાવપ્રસંગોથી જેનો ઉછેર થયો હતો, એની જનેતા મોતીબાઈ પોતે દોઢેક વર્ષના હતા ત્યારે કોલેરાને કારણે અવસાન પામેલા અને જનેતાના અવસાન પછી તેમનો ઉછેર દાદા છોટા ભટ્ટ અને દાદી ઝવેરમાના હાથમાં રહ્યો હતો. દાદા દાદી તેને 'કુંકો' કહી બોલાવતા. જેનું સાચું નામ હતું 'પ્રભાશંકર'.

પ્રભાશંકરનો જન્મ ઇ.સ.૧૮૯૨ની ૧૫મી એપ્રિલે મોતીબાઈ અને દલપતરામનાં ખોળિયે સૂર્યોદય કાળે સૌરાષ્ટ્રના ગામ મોરબીમાં થયેલો. થયો હતો. ચૈત્રી પૂનમનો જન્મ હતો અને જ્યારે દાદાએ જાતકના જન્માક્ષર કાઢ્યા ત્યારે દાદીને બોલાવી હરખ વ્યક્ત કરતા કહેલું, "ડોશી, આ પુણ્યાત્માનો આપણે ત્યાં જન્મ થયો એ આપણાં અહોભાગ્ય નીવડશે. આ દીકરો રાજા જેવો સંપતિવાન થશે, પણ દીન-ગરીબોનો બેલી પણ હશે. એને હાથે સૌનું ભલું થશે ને સ્વભાવે અકિંચન બ્રાહ્મણ રહેશે."

નાગરોની છ જ્ઞાતિ પૈકીની અહિચ્છત્ર જ્ઞાતિ(કે જેને પ્રશ્નોરા જ્ઞાતિ પણ કહેવાય છે)માં પ્રભાશંકરનો જન્મ થયેલો. આ જ્ઞાતિ મુખ્યપણે ગુજરાત, રાજસ્થાન અને સૌરાષ્ટ્રમાં વસતી. પ્રભાશંકરની વારસાઈ ઘણી સમૃદ્ધ હતી. પોતાના વ્યવહારમાં એ પોતાના કાકા, ફોઇ, દાદા-દાદીની અસર જોઈ શકતા. પોતાની વારસાઈને કઈંક આ રીતે વર્ણવતા એ આ પંક્તિ બોલતા.

**"લેનારો ખોનાર છે,**
**દેનારો લેનાર.**
**છેડયો પશુને વૃક્ષનો,**
**મેં જીવનનો તાર."**



અગિયાર વર્ષની વયમાં જ પ્રભાશંકરે દાદા પાસેથી ગીતાનો બારમો અને પંદરમો અધ્યાય અને ભાગવતમાંથી થોડી સ્તુતિ અને ભર્તૃહરિ નીતિશતક સ્મરણબદ્ધ કરી લીધેલા. ત્યાર બાદ ગુજરાતી માધ્યમમાં સાત ધોરણ સુધીનો અભ્યાસ કરી આગળ અભ્યાસ કરવા પ્રભાશંકર રાજકોટ આવી ગયા. મેટ્રિક સુધીનો અભ્યાસ રાજકોટ ખાતે જ કર્યો. એ સમયે એમને સ્કોલરશિપ મળતી. પોતાને મળતી રકમ પણ એ ગરીબ વિદ્યાર્થીઓને સહાયરૂપ થવા વાપરતા. એ સમયગાળામાં પ્રભાશંકરનું પ્રથમ વેવિશાળ રાજકોટના ખ્યાતનામ વૈદ્ય ઝંડુ ભટ્ટજીના ભાઈ મણિશંકરની દીકરી 'કુંકી' સાથે ઇ.સ. ૧૮૭૮માં થયું. સસરા મણિશંકર પ્રભાશંકારને શિખામણ આપતા કે તમારા પરિવારની સ્થિતિ સારી નથી તો પોતાને મળતી સ્કોલરશિપ બીજાને દેવી ઠીક નહીં. તો પ્રભાશંકર કહેતા, "બીજાની દીન રંક અવસ્થા મારાથી જોવાતી નથી. બીજાને દઈ શકાય એટલે જ ઈશ્વર મને આપતો હશે. મારી ઈચ્છા ઘણાંને ઘણું દેવાની છે ને મને ભરોસો છે કે પ્રભુ મને અખૂટ ભંડાર દેશે."

વેવિશાળ સંપન્ન થયું. એમનું નાનપણનું નામ 'કુંકો' ને વહુ પણ મળી એમના નામ હારે મેળ ખાય એવી જ – 'કુંકી'. પણ રામ જાણે લેખ કઈંક નોખા હશે તે કુંકા-કુંકીની જોડી બહુ ટકી નહીં. લગ્નના એક વર્ષ પછી કોલેરાથી કુંકીનું દેહાંત થઈ ગયું. જીવનસંગીની ગુમાવાનું દુઃખ થાય એ સ્વાભાવિક જ હોય.

પોતાની સાસરી તરફ ઝંડુ ભટ્ટજીના બધા ભાઈ શ્રીમંત ગણાતા. ભટ્ટજી સિવાય દરેકને એનું અભિમાન પણ. એક પ્રસંગે જ્યાં રહીને પ્રભાશંકર જમતા એ ભટ્ટજીનાં વચલા ભાઈ જટાશંકરે પ્રભાશંકરની આર્થિક સ્થિતિની ઠેકડી ઉડાડતા કહ્યું કે, "તમે ભટ્ટ શાના? ઝંડુ ભટ્ટજીના કુટુંબના હોય એ જ સાચા ભટ્ટ કહેવાય." આ શબ્દોથી પ્રભાશંકરને ખૂબ અપમાનજનક લાગેલું ને ત્યારથી એમણે એમની અટક 'પટ્ટણી' કરેલી. અને આજીવન 'પ્રભાશંકર પટ્ટણી' નામ સાથે જ જીવ્યા.

ત્યાર બાદ ઇ.સ ૧૮૮૧માં એમનું દ્વિતીય લગ્ન એ જ કુટુંબમાં ઝંડુ ભટ્ટજીના સૌથી નાના ભાઈ વિશ્વનાથની મોટી દીકરી ‘રમા’ સાથે થયું. તે દરમિયાનના ગાળામાં જ તે વખતે મેટ્રિકની પરીક્ષા અમદાવાદમાં લેવાતી. મેટ્રિકની પરીક્ષામાં તેઓ ઉત્તીર્ણ થયાં અને આગળ તબીબી અભ્યાસ માટે તે મુંબઇ ગયા. પણ ત્યાં તેમનું સ્વાસ્થ્ય સારું નહોતું રહેતું, ને ઉપરથી પત્નીને તેડાવી ભાડે રાખેલા ઘરનું ભાડુ અને ઘરખર્ચ નીકળે એમ પણ નહોતા. એટલે પત્નીને દેશમાં પાછી મોકલી પોતે બોર્ડીંગમાં એક વરસ રહ્યા પણ સારી પેઠે બીમાર પડી જવાથી એમણે આગળ ભણવાનું ટાળ્યું કોઈની મદદ જાજી લેવામાં એમને શરમ અનુભવાતી. એટલે અંતે એમણે આજીવિકા માટે સ્વતંત્રપણે કઈંક કરી લેવાનો નિર્ધાર કર્યો. અને સૌરાષ્ટ્ર પાછા આવી ગયા.

તબિયત સુધારા માટે એ ઘર બેઠા જ કાયદાનો અભ્યાસ કરવા લાગ્યા ને સનંદ પણ મેળવી. આજીવિકા માટે વકીલાતનો પ્રયત્ન કર્યો, પણ ગોઠયુ નહીં. એમને લાગ્યું કે, કાયદાનું જ્ઞાન કોર્ટ કરતા જીવનવ્યવહારમાં વધુ જરૂરી છે. એ પછી એક બે જગ્યાએ પ્રારંભિક તબક્કામાં શિક્ષક તરીકેની નોકરી પણ એમણે કરી.

પણ કહેવાય છે ને કોઈની હારે તમારે અંજળ હોય તો જીવનકેડી એનો પ્રવાહ ત્યાં જ લઈ જાય. અહીંથી એમની કેડી આગળ જતાં કેટલીયે સિદ્ધિઓ હાંસલ કરવાની હતી એનાથી અજાણ એક અનોખા અંજળના સંબંધની ગાંઠે એ બંધાયા. ભાવનગરના યુવરાજ ભાવસિંહજી ત્યારે રાજકોટની ‘રાજકુમાર કોલેજ’માં અભ્યાસ કરતા અને કોલેજના પ્રિન્સીપાલના કહેવાથી પ્રભાશંકરને ભાવસિંહજીના સાથી નિજી શિક્ષક તરીકે નીમવામાં આવ્યા. પ્રિન્સીપાલે ખાસ તાકીદ કરતા જણાવ્યું કે પ્રભાશંકર માત્ર શિક્ષક નથી, પણ જીવનકાળના કુશળ શિક્ષક છે. એમનો લાભ લેવાનું ચૂકતા નહીં. પોતાના અનોખા સ્વભાવથી એમણે થોડા જ સમયમાં ભાવસિંહજીની પ્રીતિ મેળવી લીધી. આ પ્રીતિથી એક અત્યંત મહત્વની કેડી કંડારાયી જે....


(વધુ આવતા અંકે...)





રાજુલ ભાનુશાલી

# તમને મળ્યાનું યાદ



દરરોજ તું વહેલો આવે તેની રાહ જોઉં છું.

લિફ્ટનો અવાજ આવે કે સહેજ બારણું ખખડે

પણ બીજું કોક હોય.

તને રિંગ કરવા મોબાઇલ ઉપાડું પણ

ડ્રાઇવિંગનો વિચાર આવે ને માંડી વાળું.

તું આવે, તારી સાથે આવે આખું દફતર.

બેગમાં ખાલી ટિફિન ને કાગળથી ભરેલી ફાઇલો.

લેપટોપમાં ઇમેલનો ઢગલો.

વ્હોટ્સઅપમાં અનરીડ મેસેજનો વધતો જતો આંક.

મેં આ બધાની રાહ જોઈ નહોતી

તો પણ કેમ આવી જતાં હશે? વણબોલાવ્યા મહેમાનની જેમ?

મહેમાન તો બે ચાર દિવસમાં જતાં રહે

પણ આ બધાં તો જવાનું નામ નથી લેતાં.

આપણી વચ્ચે રહે છે, પરિવારના સભ્યોની જેમ!

દરરોજ તારા આવવાની રાહ જોઉં છું,


પણ તું આવતો નથી!

~ મોના લિયા વીકમશી

હું ધીમે ધીમે ઓગળતી જાઉં છું. પણ તને એ ક્યાં દેખાય છે! મારી આંખોની ચમક ફીક્કી પડી રહી છે. પણ તારું એ તરફ કદીયે ધ્યાન નથી ગયું. નથી જતું.

દરેક દિવસ એક નવી અગ્નિપરીક્ષા જેવો હોય છે. ધીરજની કસોટી થતી રહે છે. મારે મારી સાથે જ લડવાનું હોય છે. લડું છું. હારું છું. પછી ખુદને વારું છું. પણ મારું મન જ મને ભસ્મ કરતું જાય છે. આવી રીતે હાર માનવાની આદત તો મને ક્યારેય નહોતી. પણ સાચું પૂછો તો હું થાકી ગઈ છું એવું થાય છે કે એકવાર હૈયાફાટ વિલાપ કરી લઉં. કુરુક્ષેત્રમાં જેમ કુંતિએ કરેલો એ જ રીતે. કે પછી તારી સાથે લડી લઉં. મારે





તને બધુ જ કહેવું છે. આ બધું જ. પણ નથી કહી શકતી. મોકો જ મળતો નથી. આ કેવી વિવશતા છે! ન કહી શકવાની વિવશતા. ન સહી શકવાની વિવશતા. ન વહી શકવાની વિવશતા. પીડા તો વિરહમાં હોય ને આપણે તો સાથે છીએ. એક છત નીચે. તો પણ આ પીડા શેની થાય છે? શા માટે થાય છે?

તને ખબર છે તું સવારના બાલ્કનીમાં ચણ નાખે ત્યારે કેટલી બધી ચકલીઓ ચણવા આવતી હોય છે અને કલબલાટ કરી મુકતી હોય છે. પણ તને કેવી રીતે ખબર હોય! ચણ નાખ્યા પછી ક્યારેય તું ત્યાં બે મિનિટ માટે પણ ઊભો રહ્યો છે? તારે માટે ચકલીઓને ચણ નાખવું એટલે બ્રશ કરવું, દાઢી કરવી, નહાવું ધોવું વગેરે જેવી જ એક દૈનિક ક્રિયા માત્ર. હમણાં થોડાક દિવસથી એમનો કલબલાટ શમી ગયો છે. તને એ પણ ક્યાંથી ખબર હોય! આજકાલ તે નાખેલા દાણા એમનેએમ જ પડી રહે છે. ચકલીઓ આવતી નથી. આવે છે તો ચણતી નથી. કદાચ આ ઘરની ચકલી મુંગી થઈ ગઈ છે એ એમનાથી જીરવાતું નથી. ધીમે ધીમે એના જીવનમાંથી આસવ સુકાઈ રહ્યો છે. ગીત અબોલ થઈ ગયા છે. એ એકલતાના પિંજરામાં પૂરાઈ ગઈ છે. તે રોજ રાહ જુએ છે કે એનો ચકો સાંજે આવશે, પિંજરાની સાંકળ ખોલશે. એનો હાથ પકડીને બહાર લઈ આવશે. પછી બન્ને સાથે ઊર્મિગીતો ગાશે. ચકો ચકીને હ્રદય સરસી ચાંપી લેશે અને ચકી ફરી ચહેકી ઊઠશે. પણ એવું થતું નથી! ચકો આવે તો છે, પણ હાથ પકડીને બહાર નથી

લઈ આવતો, ઊર્મિગીતો નથી ગાતો, હૃદય સરસી પણ નથી ચાંપતો. ચકી રાહ જોતી રહે છે. જોતી જ રહે છે. આ બધું પેલી ચકલીઓએ તો નોંધ્યું છે, પણ તે નહીં.

જે લાગણીઓ પહેલા હથેળીઓમાં વસતી એ હાંસિયામાં ધકેલાઈ ગઈ છે. એક નાજુક છોડવું તારા ઘરે એ આશા સાથે મોકલવામાં આવ્યું હતું કે તું એને મનના આંગણામાં રોપીશ. એને ભરપૂર તડકો મળશે, ભરપૂર છાંયડો મળશે. સુંદર ફૂલો ખીલશે. થોડાક ફૂલો ખીલ્યાં પણ ખરા. પરંતુ હવે નવા ખીલવાના તો ઠીક જે, ખીલ્યા હતાં એ પણ ખરી ગયાં છે. દિવસ રાત ઘરમાં પથરાઈ રહેતી નીરવતામાં આપણે સાથે ગાયેલા ગીતોના મુખડા પડઘાતાં રહે છે, અંતરાની રાહ જોતાં રહે છે. હું રાહ જોતી રહું છું કે તું આવીશ અને આપણે એ અધૂરા રહી ગયેલા અંતરા ગાશું. પણ તું આવતો નથી!

મારા શ્વાસોમાંથી તારી સીગારેટની ગંધ હજુ આવે છે. હજુ મારી દરેક સાંજમાં તારા ડીઓ-મિશ્રિત પસીનાની સુગંધ સચવાયેલી છે. એક થાળીમાં સાથે જમે તો યુગો વીતી ગયા છે, પણ જમતી વખતે ક્યારેક તું ગ્લાસમાં જે એકાદ બે ઘૂંટડા છાસ મૂકીને ઉભો થઈ જાય છે ને એ હું પી જતી હોઉં છું. એ રીતે તારા હોઠના સ્વાદને અનુભવી લઉં છું.

કાજળની નાજુક રેખા ફરી લથડિયા ખાવા લાગી છે. એ કોઈ પણ ક્ષણે દરિયો બનીને વહી નીકળે એવી શક્યતા છે. હું એ દરિયો થઈ ગયેલી આંખો સાથે દરરોજ તું વહેલો આવે તેની રાહ જોઉં છું. લિફ્ટનો અવાજ આવે કે સહેજ બારણું ખખડે પણ બીજું કોક હોય. તને રિંગ કરવા મોબાઇલ ઉપાડું પણ ડ્રાઇવિંગનો વિચાર આવે ને માંડી વાળું. તું આવે, તારી સાથે આવે આખું દફતર. બેગમાં ખાલી ટિફિન ને કાગળથી ભરેલી ફાઇલો. લેપટોપમાં ઇમેલનો ઢગલો. વ્હોટ્સઅપમાં અનરીડ મેસેજનો વધતો જતો આંક. મેં આ બધાની રાહ જોઈ નહોતી તો પણ કેમ આવી જતાં હશે? વણબોલાવ્યા મહેમાનની જેમ? મહેમાન તો બે-ચાર દિવસમાં જતાં રહે પણ આ બધાં તો જવાનું નામ નથી લેતાં. આપણી વચ્ચે રહે છે, પરિવારના સભ્યોની જેમ! દરરોજ તારા આવવાની રાહ જોઉં છું, પણ તું આવતો નથી!



કચ્છના કવયિત્રી મોના લિયાએ એમ.એ.માં 'યશવંત શુક્લ' ગોલ્ડ-મેડલ પ્રાપ્ત કર્યો છે. એમણે 'વેદ વ્યાસ કૃત મહાભારત અને પીટર બ્રુક કૃત મહાભારત' વિષય પર પી.એચ.ડી કર્યું છે. આ સંશોધન માટે એમને ‘ગુજરાતી લેક્સિકોન’ તરફથી સ્કોલરશીપ મળી હતી. કવયિત્રીને પ્રવાસ અને યોગ કરવાનું ગમે છે. તે ઉપરાંત વાર્તા અને કવિતામાં પણ તેઓ રસ ધરાવે છે. ટૂંકી વાર્તા માટે તેઓ 'વિજયરાજજી લાયબ્રેરી, ભુજ' અને 'સહિત્ય સંગમ સંસ્થા, સુરત' દ્વારા પારિતોષિક પ્રાપ્ત કરી ચૂક્યા છે. અકાદમી અને અન્ય સંસ્થાઓ તેમ જ ‘આકાશવાણી, ભુજ’ના કાર્યક્રમોમાં કાવ્ય તેમ જ વાર્તાપઠન કરી ચૂક્યા છે. બે વર્ષ શાળામાં શિક્ષક અને એક વર્ષ કોલેજમાં લેક્ચરર તરીકે નોકરી ઉપરાંત મોનાબહેન 'પ્રતિબિંબ' સમાયિકમાં સંપાદક તરીકે પણ કામ કરી ચૂક્યા છે.

આ કવિતા માર્મિક છે. સાંપ્રત સમયની સમસ્યાને કવયિત્રીએ શબ્દોમાં પરોવી છે. સમયના અભાવે સંબંધમાં આવી જતાં તણાવને કેવી રીતે હેન્ડલ કરવો એ મોટાભાગના યુગલોને સમજાતું નથી હોતું. આ કાવ્યથી એ સમજવામાં કદાચ થોડીઘણી મદદ મળી શકે. આ યુવા કવયિત્રી પાસેથી આપણને ભવિષ્યમાં પણ સરસ મજાના કાવ્ય અને વાર્તાઓ મળતા રહે એવી શુભકામના.

અસ્તુ.





કિશન એમ. દાવડા

## ટિફિન



તબિયત થોડી વધારે ખરાબ હોવાને કારણે શિલ્પા માંડ માંડ બેડ પરથી ઊભી થઈ. એકબાજુ એને થતું હતું કે આજ કાશ એને રસોડામાંથી રજા મળે. પણ બીજીબાજુ મનમાં એ પણ હતું કે દિવ્યેશને બહારની રસોઈ માફક નથી આવતી, એટલે રસોઈ બનાવવી તો પડશે જ. ત્યાં જ  ડીલિવરી બોય આવીને બે ટિફિન આપી ગયો.

શિલ્પા પોતાના પતિને ડાઇનિંગ ટેબલ પર થાળીઓ ગોઠવતા જોઈ રહી.



# 'કરજ ૨૦૦ રૂપિયાનું' - એક સત્યઘટના

ડૉ. કાર્તિક શાહ

કોરોના મહામારીના લગભગ બે વર્ષ પહેલાં મારે મારા મામાજીના ટ્વિન્સ પુત્રોના એટલે કે જોડિયા લગ્ન સમારંભમાં હાજરી આપવા જવાનું થયું. ખૂબ જ જાહોજહાલી અને આનંદભર્યા વાતાવરણમાં સૌ મશગુલ હતાં. સ્વાભાવિક રીતે જ આવા સામાજિક મેળાવડામાં અલકમલકની ચર્ચાઓ થાય. એક સુંદર ગીતકારની સત્યઘટનાના રસપ્રદ વિષય પર એક ચર્ચા શરૂ થઈ. એને શબ્દોમાં અહીં રજું કરું છું.

વર્ષો પહેલાની વાત છે. હિન્દી ફિલ્મોના એક ખૂબ જ પ્રસિદ્ધ ગીતકાર તરીકે જેમની ગણના થતી હતી એ લુધિયાણામાં જન્મેલા એવા સાહીર લુધિયાનવીની આ વાત છે. કોણ નથી ઓળખતું એમને..! એવું કહેવાતું કે એ અરસાના લગભગ તમામ સંગીતકારોની કારકિર્દી ઘડવામાં એમનો બહુ મોટો ફાળો હતો. તેઓ બધા માટે શુકનિયાળ કહેવાતા. તેથીજ એમની બહુ જ ડિમાન્ડ પણ રહેતી. એ સિવાય પણ તેઓ મુશાયરામાં તથા



પોતાના ઘરે એમના શાગીર્દ સાથે બેઠકો કરતા. મોડી સાંજ કે રાત્રિ સુધી ચાલતી એ બેઠકોમાં શામિલ થયેલા મહેમાનોનું રાત્રિભોજન પણ તેમના ઘરેજ હોય.

બન્યું એવું કે એક નવોદિત ગીતકાર-શાયરને એમના સમાચાર મળ્યા. આ નવોદિત માટે ફિલ્મી મુંબઇનગરી એ માયાવી નગરી જ હતી. બહુ જ સ્ટ્રગલ બાદ પણ એને ક્યાંય કામ નહોતું મળતું. આ રાત્રિભોજનની અને મહેફિલ વિશે સાંભળી એણે સાહિર સા'બની રાત્રિબેઠકમાં જવાનું શરૂ કર્યું. આશય એક જ હતો – 'રાત્રિભોજન'! કેમ કે, ખાવાપીવાના પૈસા હતા નહીં અને કોઈ કામ પણ નહીં, જ્યારે અહીં થોડી ગીત અને ગઝલની શિક્ષા ઉપરાંત ઘણાં નામી કલાકારો જોડે મુલાકાત ઉપરાંત જમવાનું પણ મળી

રહેતું! ધીમે ધીમે એ નિત્યક્રમ બની ગયો, લગભગ રોજ સાંજે આ નવોદિત, સાહિર સા'બને ઘરે જ હોય. શાહિર સા'બને પણ સાચી પરિસ્થિતિની ખબર પડી ગઈ હતી.

એક દિવસ આ નવોદિત ગીતકાર સાહિર સા'બના ઘરે સવારે પહોંચી ગયો. આમ ઓચિંતો એને જોઈ શાહિર સા'બને નવાઈ લાગી. એના મોં પરની ચિંતા જોઈ સાહિર સા'બે પૂછ્યું, "શું થયું? કેમ અત્યારે? પૈસાની જરૂર છે તારે?" નવોદિત બોલ્યો, "એ તો છે જ. પણ મારે પૈસા નથી જોઈતા!" સાહિર બોલ્યા, "તો પછી શું કરીશ? લે આ થોડા પૈસા રાખ!" નવોદિતે ફરી કહ્યું, "ના સા'બ, મને પૈસા નહીં, કામ જોઇએ છે. મને ક્યાંક કામ અપાવો. હું આપનો ઋણી રહીશ." સાહિર સા'બે કહ્યું, "બેટા, કામ તો તું મેળવીશ જ. ને એ પણ તારા પોતાના બળ પર, તારી આવડતને લીધે. તું નાહકની ચિંતા કરે છે." પણ એ નવોદિત એની માંગણીમાં મક્કમ હતો.

જ્યારે જ્યારે સાહિર સા'બ મૂંઝાતા ત્યારે તેઓ અરીસા સામે પોતાના વાળ ઓળે રાખતા! અત્યારે પણ તેઓ એ જ કરવા લાગ્યા. બહુ વાર થઈ પછી, કબાટમાંથી એમણે ૨૦૦ રૂપિયા કાઢ્યા, અને એ નવોદિતને આપ્યા (૨૦૦ રૂપિયા એ સમયે બહુ મોટી રકમ ગણાતી!) અને બોલ્યા, "આ તું રાખ અત્યારે. ને તું ઘણી પ્રગતિ કરીશ, એવા મારા આશીર્વાદ છે તને.."

કહે છે ને કે,

"ના મહોબ્બત, ના દોસ્તી કે લિયે,
વક્ત રૂકતા નહીં કિસીકે લિયે!
વક્ત કે સાથ સાથ ચલતા રહે,
યહી બેહતર હે આદમી કે લિયે!"

સમય પસાર થતો ગયો. સાહિર સા'બના જ સમકાલીન એવા મજરૂહ સાબની જિંદગીમાં પણ ઉતાર ચઢાવ આવતા ગયા. એમના બેબાક શબ્દો-શાયરીને લીધે સરકારે એક વાર એમને જેલભેગા પણ કર્યા! માફી માંગવાની તક આપીને તત્કાલીન સરકારે કહ્યું કે, "જો આપ માફી માંગી લેશો અને ભૂલ કબૂલી લેશો તો તમારી સજા માફ કરવામાં આવશે." પણ માફી માંગે એ બીજા, અને એ પણ એમના નિખાલસ, સ્પષ્ટ કામ માટે! મજરૂહ બે વર્ષનો જેલવાસ ભોગવી



રિહા થયાં. પણ હવે એમની જોડે કામ કરતા લોકો ગભરાવા લાગ્યા. જ્યારે આ બાજુ બે વર્ષમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રી સમયાનુસાર નવોદિતોને તક આપી બીજા વિકલ્પો શોધી ચુકી હતી. હવે, સાહિર - મજરૂહ ની જગ્યાએ શકીલ બદયુની અને એક પેલો નવોદિત પણ હતો!

આ એજ નવોદિત કે જે માત્ર રાત્રિભોજન માટે સાહિર સા'બને ત્યાં જતો. હવે એની તુલના પણ નામાંકિત ગીતકારોમાં થવા લાગી. એને નામ, દામ ને કામ બધું જ હવે મળવા લાગ્યું હતું! આ નવોદિતના એક સત્કાર સમારંભમાં સાહિર સા'બ ખુદ હાજર હતા ત્યારે એણે કહ્યું, "સાહિર સા'બ, તમારા ૨00 રૂપિયા મારી પાસે છે. આજે હું જે કંઈ પણ છું, એ આપના આશીર્વાદ થકી જ છું. આજે હું આપને એક વાત કહીશ કે એ ઘટના બાદ જ મને પ્રગતિ સાંપડી છે. હું તમને એ ૨00 રૂપિયા એટલે જ પાછા નહિ આપું. એ તમારા આશીર્વાદ છે મારી પાસે!"

સાહિર સા'બ પણ રુહાની અંદાજમાં બોલ્યા, "બેટા, તું ભલે એ રાખ. પણ એ ૨00 રૂપિયા એ તારા પર મારું કરજ છે અને કરજ તો તારે ચૂકવવું જ પડશે. એ કરજ મારે હવે કઇ રીતે વસુલવું એ મને આવડે છે."

સમય વહેતો ગયો. એમની ઢળતી ઉંમરે સાહિર સા'બ સાવ એકાકી હતા. થોડુંઘણું કામ હતું. તેઓને જ્યારે એમની હાલત વિષે પૂછવામાં આવ્યું, ત્યારે એમણે કહ્યું, "ચાલ્યા કરે. અત્યારે તો હાલત એવી છે કે આંધળી બસ્તીમાં દર્પણ વેચુ છું એમ લાગે છે." તેમની શાયરીઓ, ગઝલો અને એની ઊંડાઈ સમજનારો વર્ગ ઘટતો જતો હતો.

સાહિર-મજરૂહની જોડીએ 'સનમ' અને 'જાનમ' જેવા ઘણા એવા શબ્દો ફિલ્મી ગીત-ગઝલોમાં આપ્યા, કે જે તે અગાઉ ક્યારેય નહોતા વપરાયા! જેમ કે, જે અત્યારે ચણા મમરાની જેમ લગભગ દરેક ફિલ્મ ફિલ્મી ગીતોમાં હોય છે. સાહિરને 'તાજમહાલ' માટે અને ત્યાર બાદ 'કભી કભી' માટે બેસ્ટ ગીતકારનો ફિલ્મફેર એવોર્ડ પણ પ્રાપ્ત થયેલો.



એમની બે બહેનો અને ચુનિંદા સંબંધીઓ વચ્ચે એમનું ઇન્તેકાલ થયું! પેલો નવોદિત આ સાંભળી સૌ પ્રથમ પહોંચી ગયો! થોડા સગાંવહાલાં, યશ

ચોપરા અને ફિલ્મી હસ્તીઓ વચ્ચે સાહિર સા'બ સાથે એક આખો યુગ આજે કબરમાં દફન થવાનો હતો! દફનવિધિ સંપૂર્ણ થઈ. સૌ સગાંવહાલાં વિખરાઈ ગયા. પેલો નવોદિત ભૂતકાળની યાદો તાજી કરતો હજુય ત્યાંજ કબર જોડે જ ઉભો હતો. પછી એણે પણ હવે કબ્રસ્તાનની બહાર જવા પગ ઉપાડ્યા.

અચાનક જ પાછળથી એક અવાજ આવ્યો, "માફ કરશો સાહેબ. આપની પાસે ૨00 રૂપિયા છે?"

પેલો નવોદિત કુતૂહલવશ ચમક્યો અને તરતજ પાછળ જોયું. કબરની બાજુમાંથી જ એક માણસ આગળ આવ્યો અને ફરી બોલ્યો, "સાહેબ, 200 રૂપિયા?"

પેલો નવોદિત બોલ્યો, "હા કેમ? શું થયું?"

"સાહેબ, આ ભાઈની કબર ખોદી, એમની દફનવિધિ થઈ, કબર પર મિટ્ટી ડાલી... સબ કામ કિયા હમને. ઓર સબ લોગ ચાલે ગયે! એનું મહેનતાણું તો આપો કોઈ મને! તમે જ છેલ્લા છો હવે. જો આપ આપી શકો તો...."

પેલો નવોદિત આંખમાં આંસુ સાથે બોલી ઉઠ્યો, "વાહ સાહિર સા'બ વાહ! શું રીત રહી આપની પણ કરજ વસુલવાની!" ૨00 રૂપિયા આપી એ નવોદિત રડતો રડતો એક યુગ આથમી ગયાનો શોક લઈ પાછો ફર્યો!

આ નવોદિત ગીતકાર એ બીજું કોઈ નહીં પણ સુપ્રસિદ્ધ 'જાવેદ અખ્તર'. આ ઘટના એ સંપૂર્ણ સત્યઘટના છે. આજે પણ જાવેદ અખ્તર આ કિસ્સો યાદ કરતાં જ રડી પડે છે. એમણે ત્યાં સુધી કહેલું છે કે, "જો કોઈ સાહિર સા'બની જીવનકથા (BIOPIC) લખી શકશે તો એ મારા સિવાય કોઈ નહીં!"





## તેજલ શાહ

# વાર્તા-સેતુ

## તુલસી ક્યારો



સુમતિ હીંચકે ધીમે ધીમે હિંચકતા વિચારે ચઢી ગઈ. કાલે એને શિક્ષણક્ષેત્રે આપેલી અનેકવિધ સેવા બદલ પદ્મશ્રીનો ઈલકાબ એનાયત થવાનો હતો.

શિક્ષણબોર્ડના પ્રમુખ તરીકેના હોદ્દાને લીધે, કેટલાય અધિકારીઓની ઉપસ્થિતિ હોવાની.કેટલાંય ફૂલહાર કરશે. એણે ભાષણ કરવાનું છે. કોનો કોનો આભાર માનશે? પોતાની જ્વલંત કારકિર્દીમાં કોણ કોણ સહાયભૂત થયું, એની માનસિક યાદી એ તૈયાર કરવા લાગી.

ભાઉસાહેબ હતા, જેમણે શિક્ષણબોર્ડના પ્રમુખ તરીકે નામ સૂચવેલું. લોકસભાના સભ્ય મોરપંત સરકાર, જે રાષ્ટ્રપતિએ નિમણૂંક કરેલી સમિતિમાં હતા. કદાચ એમને લીધે જ પોતાનું નામ પદ્મશ્રી માટે પસંદ થયું હશે! કોઈએ બી.એ. પછી એમ.એ કરવા પ્રોત્સાહિત કરી, કોઈએ ટ્રસ્ટમાંથી સ્કોલરશીપ અપાવી. એની નામાવલિમાં ઓક્સફર્ડમાં સંશોધન કાર્યમાં મદદ કરનારથી લઈને ભારતના હાઈ કમિશ્નર સુધી બધાના નામ ઉમેરાતા રહ્યાં.

અંદર સૂતેલાં પતિની ખાંસીથી હીંચકાની ગતિ ધીમી પડી. એના પતિ સ્વાશ્રયી છે. બધું કામ જાતે કરે. પુત્ર કે પૌત્ર પાસે પાણીનો ગ્લાસ પણ માંગે નહીં. ક્યારેય નહીં. અરે! પોતે પરણીને આવી ત્યારે અંગૂઠાછાપ હતી. માંડ ચાર ચોપડીનો અભ્યાસ અને એ સરકારી કારકૂન. સંકુચિત માનસ ધરાવતાં જમાનામાં સતત સાત વર્ષ મને ભણાવી. મેટ્રિક કરાવી મોર્નિંગ કોલેજમાંય દાખલો અપાવ્યો. સંતાન પ્રાપ્તિને પાછી ઠેલી રહ્યાં, ત્યારે પણ એમણે ધરપત આપેલી. અને સાચ્ચે જ હું ઈન્ટરમાં આવી ત્યારે એ અમારા પ્રથમ પુત્રના બાળોતિયાં બદલાતાં હતા. હું બી.એ.ની તૈયારી કરતી હતી અને એ સરકારી અધિકારીનું પદ પ્રાપ્ત કરી ચુક્યા હતા. લંડન પણ એમના પ્રોત્સાહનને લીધે જ જવાયું. એવુંયે કહ્યું,



"જઈ આવ. આવો મોકો ફરી નહિ મળે."

જોતજોતામાં બે વર્ષ પસાર થઈ ગયાં. એ બે વર્ષમાં શું શું સહન કર્યું હશે? એ એકલા જ જાણે! પણ એ મને આપવીતી કહે શાના? પોતાના દુઃખનું ગાણું એ ગાતાં શીખ્યા જ નથી ને! મારે એકલીને નોકરી સાથે બે નાના સંતોનો સાચવવાં પડ્યાં હોત તો હું ભાંગી જ ગઈ હોત. પણ એમણે મને ભાંગવા દીધી જ નથી. ને આજ સુધી રિટાયર્ડ થયા પછીએ કોઈની સેવાચાકરી લીધી નથી. આજે પણ ખાંસતા રહ્યા પણ જાતે જ ઊભા થઈને ટીકડી ગળી ગયા ને!

મોડી રાત સુધી સુમતિ હીંચકે હીંચકતી રહી અને એના સંસાર-ચિત્રને અવલોકતી રહી. એને અચાનક બીજા દિવસનું આભાર પ્રવચન યાદ આવ્યું.

તમને શું લાગે છે? દરેકને યાદ કરીને સુમતિ આભાર-પ્રવચનની ઔપચારિકતા પૂરી કરશે? કે પછી જેણે એના જીવનની દિશા બદલી એવા પતિં માત્રનો ઉલ્લેખ કરી સાચી કૃતજ્ઞતા વ્યક્ત કરશે? અને એ એક જ પાત્રના ઉલ્લેખ સાથે વક્તવ્ય પૂરું થશે?

આજની વાર્તાના લેખક 'ગિરીશ ગણાત્રા' આકાશવાણી સાથે જોડાયેલા છે. વર્ષો સુધી એમણે મુંબઈના દૈનિક 'જન્મભૂમિ પ્રવાસી' માટે લખ્યું. બાળસાહિત્યમાં પણ એમણે ખૂબ મોટો ફાળો આપેલો છે. 'તુલસી ક્યારો' વાર્તા એમના વાર્તા સંગ્રહ 'તન રે ગોકુળિયું, મન રે ગોકુળિયુ'માંથી લીધેલ છે.

ગિરીશ ગણાત્રાએ લખેલી આ સાવ સાદી-સરળ વાર્તા. વાર્તાનું શીર્ષક 'તુલસી ક્યારો' વિચાર માંગી લે એવું છે. ભારતીય સંસ્કૃતિમાં તુલસી ક્યારાનું મહત્વ અનેરું છે. સ્ત્રીઓ એને નિત્ય પૂજે, દેવ ગણે. પણ જયારે સ્ત્રી 'તુલસી' તરીકે પૂજાય, ત્યારે સુમતિ જેવા પાત્રો સર્જાય.

આપના પ્રતિભાવ tejnikalme@gmail.com પર અવશ્ય મોકલશો.






## ઝવેરચંદ મેઘાણી

# REWINDING

## દીકરો



"આપા દેવાત! આ તમ સારુ થઇને હોકાની બજરનું પડતલું આણ્યું છે. મીઠી બજર હાથ પડી, તે મનમાં થયું કે આ બજરનો ધુંવાડો તો આપા દેવાતની ઘૂંટમાં જ શોભે."

એમ કહીને ભરદાયરામાં એક કાઠી આવી વચ્ચોવચ બેઠેલ એક પડછંદ પુરુષની સામે તમાકુંનું પડતલું ધરે છે અને જાણે કોઇ ખાંડિયાની પાસે નજરાણું લેતો હોય તેવો એ પુરુષ જરાક ડોકું હલાવે છે. એની સોનાની વેઢવાળી આંગળીઓ દાઢીના કાતરા ઉપર રમે છે. ત્યાં તો બીજો કાઠી ઊભો થાય છે: "આપા દેવાત! આ નવોનકોર હોકોય હું ગંગા-જમની તાર મઢાવીને ખાસ તમારા સાટુ જ લાવેલ છું. સારું રાચ તો ઠેકાણે જ શોભે ને, બા!" થોડુંક મોં મલકાવીને આપો દેવાત હોકાની ભેટ સ્વીકારે છે.

"... ને આ ઊનની દળી.." એમ કહેતા ત્રીજા ભાઇ આગળ આવે છે: "આપા દેવાત, તમારી ઘોડીને માથે આ મશરૂ જેવી થઇ પડશે. ઘોડીનું ડિલ નહિ છોલાય. ખાસ બનાવીને આણી છે, હો!"

ચલાળા ગામના ચોરા ઉપર દરબાર ઓઘડવાળાનાં આઇને કારજે કાઠી ડાયરો એકઠો મળેલ છે. ત્યાં તમામ કાઠીઓની મીટ ફક્ત ગુંદાળાના ગલઢેરા દેવાત વાંકને માથે જ ઠરી ગઇ છે. દેવાતને રીઝવવા સારુ સહુ મથે છે. દેવાતની આંખ કરડી થાય એ વાતનો તમામને ફફડાટ છે. દેવાત વાંક જેનો દુશ્મન બને તેનું ગામડું ત્રણ દિવસમાં ટીંબો બને. આઘેની એક થાંભલીને થડ ડિલ ટેકવીને એક આઘેડ અવસ્થાનો મર્દ બેઠેલો છે. પછેડીની પલાંઠ ભીડી છે. એની મૂછો ફરકી રહી છે. એના હોઠ મરક મરક થાય છે. પડખે બેઠેલા કાઠીને એ હળવે સાદે પૂછે છે: "કાઠીઓમાં આ કઢીચટ્ટાપણું ક્યારથી પેઠું, ભાઇ? જેની આટલી બધી ભાટાઇ કરવી પડે છે એવો માંધાતા કોણ છે આ દેવાત વાંક?"

"ચૂપ, ભાઇ ચૂપ! આપા લાખા! તું હજી છોકરું છો. તારું લાખાપાદર હજી દેવાતના ઘોડાના ડાબલા હેઠ પડ્યું નથી લાગતું. નીકર તુંય આપા દેવાતને તારી તળીની કેરિયું દેવા દોડ્યો જાત."

"હું? મારા આંબાની કેરિયું હું દેવાતને ડરથી દેવા જાઉં? ના, ના, એથી તો ભલું કે સૂડા, પોપટ ને કાગડા મારાં ફળને ઠોલે. કાઠીના દીકરા તો સહુ સરખાઃ કોણ રાંક, ને કોણ રાણા! આવી રજવાડી ભાટાઇ મારાથી તો ખમાતી નથી." બોલનાર પુરુષનો અવાજ ઊંચો થયો. એના બોલ ડાયરાને કાને પડ્યા, અને વચ્ચોવચ બેઠેલો વિકરાળ કાઠી દેવાત વાંકનું કાંધ એ વાતો કરનાર તરફ કરડું થયું. ધગેલ ત્રાંબા જેવી રાતી આંખ ઠેરવીને એણે પૂછ્યુંઃ "ઇ કોણ મુછાળો ચાંદા કરેછે ત્યાં બેઠો બેઠો? ઉઘાડું બોલો ને, બાપા!"

"આપા દેવાત વાંક!" આદમીએ થડક્યા વિના જવાબ દીધોઃ "ઇ તો હું લાખો વાળો છું ને ભણું છું કે કાઠીના દીકરા તો સહુ સરખા. છતાં કાઠી ઊઠીને રજવાડી ભાટાઇ કરવા બેસી જાય, ઇથી તો આપા દેવાતને પણ દુઃખ થાવું જોવે, હરખાવું નો જોવે."

"આપા લાખાવાળા! તયેં તો હવે લાખાપાદર ફરતા ગઢ બંધાવજે, બા !"

"તું તારે ચડી આવજે, આપા દેવાત! હું નાની ગામડીનો ધણી ગઢ તો શું ચણાવું, પણ પાણીનો કળશિયો ભરીને ઊભો રહીશ. આપા દેવાતને શોભતી મહેમાનગતિ કરીશ."

"લે ત્યારે, લાખાવાળા!" એમ બોલીને દેવાતવાંકે પોતાની અંજલિમાં કસુંબો લીધો હતો, તે ધરતી ઉપર ઢોળી નાખ્યો ને કહ્યુંઃ "લાખાપાદરને માથે જો હું મીઠાનાં હળ હાંકું, તો તું ગુંદાળાનો દેવાત વાંક જાણજે. નીકર....."

"હાં....હાં....હાં.... ગજબ કરો મા, બા!" એમ કરતો આખો ડાયરો આડો પડ્યો. ઘરડિયા કાઠીઓએ દેવાતના પગ ઝાલીને કહ્યુંઃ "આપા, લાખો વાળો તો બાળક છે. એને બોલ્યાનું ભાન નથી. તમારે સમદર પેટ રાખવું જોવે."

"ના ના, આપા દેવાત! મારું નોતરું અફર જાણજે, હોં કે!" એમ કહીને લાખો વાળો તરવાર ભાલો લઇને ઊઠી ગયો. ઘોડીએ પલાણીને નીકળ્યો. કહેતો ગયોઃ "કાઠી તો સંધાય સમવડિયા. કાઠીમાં ઊંચનીચ ન હોય. પણ તમે સહુએ બી-બીને દેવાત જેવા એક લૂંટારાની ખુશામત માંડી છે. મારે તો દેવાતને કે દલ્લીન ધણીને નજરાણાં દેવાનો મોખ નથી. બાંધે એની તરવાર, અને ગા વાળે ઇ અરજણ; એમાં ભેદભાવ ન હોય."

એટલાં વેણ સંભળાવીને લાખાપાદરનો ધણી રોઝડી ઘોડી હાંકી ગયો.

ચલાળા ગામથી ચાર ગાઉ ઉપર, બરાબર ગીરને કાંઠે શેલ નામની એક નદી ચાલી જાયછે. કાળા પથ્થરોની એની ભેંકાર ઊંચી ભેખડો વચ્ચે ધીરાં ધીરાં ગર્જતાં એનાં

પાણી વહ્યાં જાયછે: જાણે કોઇ ભૂતાવળ નાં છોકરાં માને ધાવતાં ધાવતાં હોંકારા કરી રહ્યા છે. એ વિકરાળ નદીને કાંઠે પંખીના માળા જેવડું નાનું લાખાપાદર ગામડું છે. લાખાપદરની ચોપાસ નદીઓ જ ચાલી જાય છે. ચોમાસામાં તો જાણે પાતાળલોકની નાગકન્યાઓ પૃથ્વી ઉપર નાચ કરવા નીકળી પડી હોય તેમ અનેક ઝરણાં ફૂટી નીકળે છે. સતજુગના ઋષિ જેવા એક જૂના વડલા ની છંયડી નીચે પથ્થરની ભેખડમાંથી પાણીનો મોટો ધોધ પડે છે. એ ધોધની આસપાસ લોકોએ ગૌમુખી બાંધીને ગૌમુખી ગંગા સ્થાપ્યાં છે. પડખે જ શંકર બેઠાં છે. ત્યાં કુદરતે એકસામટી ગુલાબી કરેણ ઉગાડી છે. આંબાની ઘટા જામી છે. નીચે એ ગૌમુખી ને ઝીલનારો કુદરત માતાએ જાણે માપી કંડારેલો નિર્મળ કુંડ આવેલો છે. નીચાણમાં ઊંડો ધરો છે. વડલા ઉપર મોર ટહુકે છે. ગૌમુખીનાં નીર ખળખળે છે. કુંડમાં નાની માછલીઓ તગતગે છે, ને ધૂનામાં મગરો શેલે છે. કુદરતના રૂપમાં કોમળ અને વિકરાળ બેય રેખા કેવી જુક્તિથી આંકેલી છે! એવે સ્થળે જન્મનારા માનવી પણ એક વખત એવા જ કોમળ અને વિકરાળ હતાં, શૂરવીર ને પ્રેમી હતાં. એ ગામના તોરણ બાંધનારો જ આ લાખા વાળો. ધાનાણી શાખનો એ કાઠી હતો. લાખાપદર આવીને એણે ભાઇઓને ખબર દીધા કે પોતે દેવાત વાંકનું ભયંકર વેર વહોરેલ છે. સાંભળીને ભાઇઓ પણ થથર્યા. તે દિવસથી લાખો વાળો પરગામ જઇને રાત નથી રોકાતો. જ્યાં જાય ત્યાંથી ઝાલરટાણે તો ઝાંપામાં આવી જ પહોંચે.

એ વાતને તો છ-આઠ મહિના થઇ ગયા. લાખા વાળાને લાગ્યું કે દેવાત કાં તો ભૂલી ગયો, ને કાં તો થડકી ગયો. એ રીતે મનમાંથી ફડકો ઓછો થયો. એક દિવસ લાખો વાળો ચલાળે ગયેલ છે. ઓઘડ વાળાની એના ભત્રીજાની વચ્ચે તકરાર પતાવવાની હતી. સાંજ પડ્યે એણે રજા માંગી, પણ ઓઘડવાળો કહે: “આપા, આજની રાત તો નહિ જાવા દઇએ; અને હવે ક્યાં દેવાત તમારી વાંસે ભમતો ફરે છે?” લાખો વાળો કચવાતે મને રોકાયો.

આંહી લાખાપાદરમાં શું થયું? સાંજ પડી અને વાવડ મળ્યા કે દેવાત કટક લઇને આવે છે. ગામનો ઝાંપો બંધ કરી, આડાં ગાડાં ગોઠવી, લોકો હથિયાર લઇ ઊભા રહ્યા. પણ પોતાના મોવડી વિના લોકોની છાતી ભાંગી ગઇ, ઊલટાના લોકો તો આવું વેર હાથે કરીને



વહોરી આવનાર લાખા વાળા ઉપર દાઝે બળી ગયા.

દેવાતનું કટક પડ્યું. ઝાંપા ઉપર લાખાપાદરના કંઇક જુવાન કામ આવ્યા.ઝાંપો તૂટ્યો, કટક ગામમાં પેસીને વસ્તીને ધમરોળવા માંડ્યું. નક્કી કર્યું હતું કે લૂંટ કરીને સહુએ પરબારા ગામને સીમાડે કોઇ ઝાડ નીચે મળવું. તે પ્રમાણે સહુ ચાલવા મંડ્યા. ગામમાં મસાણ જેવી શાંતિ છવાઇ ગઇ. દેવાત સમજતો હતો કે લાખો ઘરમાં સંતાઇ રહ્યો છે. એ લાખાવાળાની ફળીમાં જઇને હાકલા કરવા મંડ્યો: "કાઠી! બા'રો નીકળ,બા'રો નીકળ. તે દી તું ક્યે મોઢે બકી ગયો'તો!"

ઓરડામાં ઊભી ઊભી લાખાવાળાની સ્ત્રી થરથરતી હતી. એણે જવાબ દીધો: "આપા દેવાત! કાઠી ઘરે હોતતો શેલને સામે કાંઠે તને લેવા આવત, સંતાત નહિ."

ઊંચી ઊંચી ઓસરીની એક થાંભલીને ટેકો દઇને લાખા વાળાની દીકરી હીરબાઇ ઊભી હતી. પંદર વરસની ઉંમર થઇ હશે. દેવાતના પડકારા, લોહીતરબોળ ભાલો કે લાલઘૂમ આંખો એ છોકરીને મન જાણે કાંઇક જોવા જેવું લાગતું હતું, બીવા જેવું નહિ. એ શાંત ઊભી હતી. અંધારી રાત્રે જોગમાયા જેવી લાગતી હતી. મોતની લીલા તો જાણે ખૂબ નીરખી હોય એવી એની મુખમુદ્રા હતી. પેલા વડલાની છાંયડીએ રમેલી; કછોટા ભીડીને ઝાડવે ચડેલી; ધરામાં ઢબીઢબીને વજ્ર જેવી એની કાયા બનેલી; શેલ નદીના ધૂનામાં એણે મગરમચ્છના મોંમાંથી બકરું પણ છોડાવેલું ને હીરબાઇએ તો લાખાપદરના ચોકમાં, શેલ નદીને કાંઠા ગૂંજી ઊઠે એવો "તેજમલ ઠાકોર'નો રાસડોયે કંઇ કંઇ વાર ગાયો હતો. ગાયું હતું કે:

*"ઉગમણી ધરતીના દાદા કોરા કાગળ*
*આવ્યા રે એ રે કાગળ દાદે ડેલીએ વંચાવ્યા*
*રેકાકો વાંચે ને દાદો રહ રહ રોવે રે*
*ઉપરવાડેથી તેજમલ ડોકાણાં રે શીદને રોવો*
*છો દાદા શું છે અમને કેજો રેદળકટક આવ્યું*
*દીકરી, વારે કોણ ચડશે રે! સાત સાત*
*દીકરીએ દાદો વાંઝિયો કે'વાણા રે!હૈયે હિંમત*
*રાખો દાદા, અમે વારે ચડશું રે."*



દેવાતે જોયું તો ફળીમાં એ કન્યા ઊભી હતી તે થાંભલી પાસે જ એક વછેરો બાંધેલો. બાપ સગા દીકરાને ચડવા ન આપે એવો એ વછેરો હતો. લાખા વાળાનો આત્મારામ એ વછેરો! દેવાતે વિચાર્યું કે, "આ વછેરો લઇ જઇને જગતને બતાવીશ; લાખો વાળો જીવશે ત્યાં લગી નીચું જોઇને હાલશે!" પોતાના હાથમાં ભાલો હતો તે ઓસરેની કોરે ટેકવીને વછેરાના પગની પછાડી છોડવા દેવાત નીચે બેઠો, માથું નીચું રાખીને પછાડી છોડવા મંડ્યો. બરડો બરાબર દીકરી હીરબાઇની સામો રહ્યો. ઓરડામાંથી મા કહે: "બેટા હીરબાઇ, આંહીં આવતી રહે." પણ હીરબાઇ શું જોઇ રહી છે? તૈયાર ભાલો, તૈયાર બરડો, અને નિર્જન ફળિયું! વિચાર કરવાનો એને વખત નહોતો, એણે ભાલો ઉપાડ્યો;ત્યાં ઊભાં ઊભાં જ બે ઝાલીને એ જોગમાયાએ દેવાતના પહોળા બરડામાં ભાલાનો ઘા મૂક્યો. ભચ દેતો ભાલો શરીર સોંસરવો ગયો. દેવાતને ધરતી સાથે જડી દીધો.



નીચે ઊતરી દેવાતની જ તરવાર કાઢી હીરબાઇએ એને ઝાટકા મૂક્યા. શત્રુના શરીરના કટકા કર્યા. પછી માને બોલાવી: "માડી, પછેડી લાવ્ય. ગાંસડી બાંધીએ." દાણાની ગાંસડી બાંધે તેમ ગાંસડી બાંધીને ઓરડામાં મૂકી દીધી, કોઇને ખબર ન પડવા દીધી. ધીમે ધીમે ગામમાંથી આખી ફોજ નીકળી ગઇ હતી. સહુને મન એમ હતું કે દેવાત તો મોઢા આગળ નીકળી ગયો હશે.

દીકરીએ તે જ ટાણે ગઢવીને બોલાવ્યા. કહે: "ગઢવી, ચલાળે જાઓ, ને બાપુને કહો કે પરબારા ક્યાંય ન જાય. આંહીં આવીને એક વાર મોઢે થઇને પછી ભલે દેવાતની સામે જાય, પણ પરબારા જાય તો મને મરતી દેખે."

ગઢવી ચલાળે પહોંચ્યા. દરબારે વાત સાંભળી કે દેવાતે ગામ ભાંગ્યું. લાખા વાળાને માથે જાણે સાતેય આકાશ તૂટી પડ્યા! "હવે હું શું મોઢું લઇ લાખાપાદર આવું? પરબારો શત્રુઓના હાથે જ મરીશ... પણ એકની એક દીકરીના સમ! ડાહી દીકરી શા સારુ બોલાવતી હશે? મારાં સંતાનને મારુંમોઢું કાળું કરવાની કુમતિ સૂઝે શું? કાંઇક કારણ હશે! જાઉં તો ખરો."

દરબાર ઘેર પહોંચ્યા ત્યાં ધીરેક રહીને દીકરી એ કહ્યું: "બાપુ, તમારે જાવું હોય તો ભલે, પણ કટક કોરું નથી ગયું. એક જણને તો મેં અહીં રાખ્યો છે." એમ કહીને ઓરડામાં લઇ

જઇને ગાંસડી છોડી બતાવી. લાખા વાળાએ મોઢું ઓળખ્યું. એ તો દેવાત વાંક પોતે જ. દરબારનું હૈયું હરખથી અને ગર્વથી ફાટવા લાગ્યું. એણે દીકરીને માથે હથ મૂક્યો: "બેટા! દુનિયા કહેતી'તી કે લાખા વાળાને દીકરી છે;પણ ના, ના, મારે તો દીકરો છે!"

અને મૂરખા દેવાત! વછેરાની પછાડી કાઢવા તું શીદ નીચે બેઠો! ઊભાં ઊભાં તલવારથી કાપતાં ન આવડ્યું? પણ તારાં અભેમાન ક્યાં ઓછાં હતાં!"

('સૌરાષ્ટ્રની રસધાર'માંથી)



# મને મારો જ પ્રશ્ન

## પ્રશ્ન ૯: મારે કેમ કોઈ સારા મિત્રો નથી બનતા?



ધર્મેન્દ્ર જોષી

"A Friend In Need Is A Friend Indeed" – "જરૂરિયાતના સમયે સાથ આપે એ જ સાચો મિત્ર" – આ કહેવત/ઉક્તિ આપણે નાનપણમાં સાંભળી, જાણી અને સમજી; પણ કદાચ તેનો અનુભવ બધાને થયો નથી હોતો. પણ એ કહેવત એકદમ સાચી છે એમાં કોઈ બેમત નથી, કે નથી કોઈને એ માટે શંકા.

ઘણા લોકો એવા હોય જેમને ખૂબ મોટું મિત્ર વર્તુળ હોય, એમને ત્યાં કોઈ પ્રસંગ હોય તો ખૂબ લોકો ભેગા થાય. ઘણા લોકો એવા હોય જેમને મિત્ર વર્તુળ બહુ મોટું હોય, પરંતુ જરૂરિયાત આવે ત્યારે એમાંના બહુ ઓછા લોકો કામે આવે. અને ઘણા લોકો એવા હોય જેમને કોઈ નજીકના કહેવાય એવા મિત્રો જ ના હોય. આપણે એવા પણ લોકો જોયા હશે, જેમને બધી જગ્યાએ આમંત્રણ મળતું હોય, અને અમુક એવા પણ જોયા હશે, જેમને બોલાવવાની આપણને ઈચ્છા જ ના થાય. ઘણા લોકોને અજાણ્યા લોકો સાથે વાત કરવામાં ખૂબ મુશ્કેલી પડતી હોય, જ્યારે ઘણા લોકોને બહુ સહજતાથી વાતો શરૂ થઈ જાય. અમુક



વ્યક્તિઓ એવી હોય જે ખૂબ સરળતાથી મિત્રો બનાવી શકે અને મિત્રતા નિભાવી શકે. અમુક એવા હોય, જેમને નવા મિત્રો બનાવવા અને બનાવ્યા પછી મિત્રતા નિભાવવી ખૂબ મુશ્કેલ લાગતું હોય અને સામે લોકો સાથે લાંબી મિત્રતા અથવા ઘનિષ્ઠ મિત્રતા કેળવવી ના ગમતું હોય.

બીજી કોઈ વ્યક્તિની સરખામણીમાં આપણે સારા કે વધારે કે નજીકના મિત્રો નથી એવું લાગે ત્યારે સ્વાભાવિક રીતે જ મનમાં એવો પ્રશ્ન થાય કે, **"મારે કેમ કોઈ સારા મિત્રો નથી બનતા?"**

આ વાત કરીએ છીએ ત્યારે એ સમજવું જરૂરી છે કે નવા મિત્રો બનાવવા એક વાત છે અને મિત્રતા નિભાવવી એ જુદી વાત છે, અને બંને દરેક માણસના વ્યક્તિત્વની એક કળા છે. પણ આ કળા

કોઈ વારસામાં નથી ઉતરીને આવતી, એક લોહીથી નથી મળતી કે પેઢી દર પેઢી સ્વાભાવિક રીતે નથી પસાર થતી. સાચી વાત એ છે કે મિત્રો બનાવવાની અને મિત્રતા નિભાવવાની કળા શીખી શકાય છે, કેળવી શકાય છે. એટલે જ ડેલ કાર્નેગીનું પેલું પુસ્તક 'HOW TO WIN AND INFLUENCE PEOPLE' દુનિયાભરમાં બહુ જ લોકપ્રિય થયું અને પ્રકાશિત થયા પછી જોતજોતામાં બેસ્ટસેલર બન્યું, તેની કરોડો નકલો વેચાઈ.

નવા મિત્રો બનાવવા સહેલા છે. પણ તે એક કળા છે. નવા મિત્રો બનાવવા શું કરવું જોઈએ?

**૧. પહેલ કરવી:**

અજાણી વ્યક્તિ સાથે બેઠા હોઈએ, અથવા આપણી જાણીતી વ્યક્તિ કોઈ નવી વ્યક્તિ સાથે પરિચય કરાવે ત્યારે વાત કરવા માટે આપણે જ પહેલ કરવી જોઈએ. અજાણી વ્યક્તિની પહેલની રાહ જોઈએ તો કદાચ એવું બને કે એ પણ એવી જ રાહ જોતાં હોય અને કોઈ વાત જ ન થાય.

**૨. સામેની વ્યક્તિમાં રસ કેળવવો:**

નવી ઓળખાણ/પરિચય થાય એ પછી વાતની શરૂઆત થાય ત્યારે હંમેશા આપણી વધુ પડતી વાતો કરવાના બદલે આપણે સામેની વ્યક્તિની વાત સાંભળવામાં; એનું જીવન, એના ગમા-અણગમા જાણવામાં રસ કેળવવો અને બતાવવો જોઈએ. કોઈ વ્યક્તિ આપણને પોતાની વાત કરવા દે અને તે સાંભળે તેવી વ્યક્તિ સૌને ગમે. પણ યાદ રાખવું, સાંભળવું વધારે, બોલવું ઓછું, અને બહુ પૂછપરછ ન કરવી અને વણમાંગી સલાહ ના આપવી. વાતચીત દરમ્યાન તેના જીવનના મૂલ્યો, સિદ્ધાંતો અને માન્યતાઓ વિષે ટિપ્પણી ના કરવી.




**3. યાદશક્તિ કેળવવી:**

નવો પરિચય હોય ત્યારે ઘડી ઘડી કે શરૂઆતમાં જ્યારે મળતા હોવ, ત્યારે દર વખતે નામ પૂછવું એ કોઈને ન ગમે. પોતાને કોઈ નામથી બોલાવે તેવા વ્યક્તિનો પ્રભાવ પડે. પહેલી વાર ક્યાં મળ્યા, કયા સંજોગોમાં મળ્યા, શું વાતો થઈ હતી એ બધું જેને યાદ રહે અને

કહી શકે તેવી વ્યક્તિ સૌને ગમે. કદાચ કોઈ વ્યક્તિગત વાત થઈ હોય, માંદગી બાબતે, ગમા-અણગમા વિષે, અગત્યની તારીખો વિષે, તેના જીવનના કોઈ ખાસ પ્રસંગો વિષે, તેના જીવનમાં અગત્યની વ્યક્તિઓ વિષે, તે બધુ યાદ રહે અને તે ફરી મળીએ, ત્યારે વાત કરતાં યાદ આવે  તેનો પ્રભાવ પડે.

**૪. સંપર્ક**:

નવો પરિચય થયા પછી, જો તે વ્યક્તિ સાથે મિત્રતા કેળવવામાં રસ હોય તો સમયાંતરે, ક્યારેક ક્યારેક કે સતત સંપર્કમાં રહેવું જરૂરી છે. આજના સોશિયલ મીડિયાના સાહજિક ઉપયોગના જમાનામાં આ ખૂબ સરળ છે. સંપર્ક વિના કોઈ વ્યક્તિ આપણને યાદ ના કરે, યાદ ના રાખે. પરિચય થયા પછીનો નિરંતર સંપર્ક તે વ્યક્તિને આપણી સાથે જોડી રાખે, અને તેની સાથે થયેલી વાતોને સ્મરણમાં રાખે. અહીં પણ સમજવું જરૂરી છે કે આવા સંપર્ક દરમ્યાન કોઈને કનડગત થાય કે હેરાનગતિ થાય એવું વર્તન ન કરવું. આપણે તેની પાછળ પડી ગયા હોઈએ એવો એહસાસ તેને કદી ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું.

મિત્રતાનો સંબંધ બંધાયા પછી, મિત્રતા નિભાવવી અઘરી છે, અને એટલે જ કળા છે, અને ખૂબ જરૂરી છે. કોઈ પણ પ્રકારના સંબંધ નિભાવવા માટે અમુક પ્રકારનું વર્તન અપેક્ષિત છે, જરૂરી છે.

**૧. વિશ્વાસ સ્થાપવો**:

એકબીજા પર વિશ્વાસ કોઈ પણ સંબંધનું મૂળ છે. વિશ્વાસ વિના કોઈ સંબંધ ટકે નહીં. આપણાં વિચાર, વાણી અને વર્તનમાં સામંજસ્ય/સુસંવાદિતા હોય તો જ કોઈ આપણી ઉપર વિશ્વાસ કરે. વિશ્વાસનું મૂળ છે પારદર્શિતા. જે વિચારીએ, એ જ બોલીએ અને જે બોલીએ એ જ કરીએ તે જરૂરી છે. સંજોગો બદલાય, સમય બદલાય અને પોતાનો લક્ષ બદલાય એમ જીવનમૂલ્યો, સિદ્ધાંતો અને માન્યતાઓ ઘડી ઘડી બદલતા રહે તેવી વ્યક્તિ ઉપર કોઈને વિશ્વાસ ના થાય. જે વ્યક્તિ ઉપર વિશ્વાસ ના થાય તેની સાથે નજીકનો કે ઘનિષ્ઠ સંબંધ ના બંધાય.

**૨. પરસ્પર મેળ**:

દુનિયાની કોઈ પણ બે વ્યક્તિ હમેશા જુદી હોય, તેમના વિચારો ભિન્ન હોય, આદતો જુદી હોય, વર્તન અલગ હોય. તેથી જ સંબંધોમાં પરસ્પર મેળ કેળવવો બહુ જ જરૂરી છે. એક બીજાને સમજવા, વિચારો પાછળનું તર્ક સમજવું

અને સ્વીકારવું જરૂરી છે. આવો મેળ કે ‘એડજસ્ટમેન્ટ’ પરસ્પરની સ્વીકૃતિથી જ આવે. કોઈ વ્યક્તિ હમેશા એક ‘પેકેજ’ તરીકે મળે છે. તેના કોઈ લક્ષણો સારા હોય, આપણને ગમે તેવા હોય અને કોઈ ના ગમે એવા પણ હોય. પરંતુ હંમેશા મિત્રનાં સારા લક્ષણો અને પાસાઓ જોઈને બાકીના લક્ષણોને અવગણીએ, તો જ પરસ્પર મેળ સંભવ છે. સ્વીકૃતિનો ગ્રાફ જેટલો ઊંચો, તેટલો જ મેળ સહજ.

**૩. માફ કરો અને ભૂલી જાવ:**

ભૂલો કોણ નથી કરતું? જો મિત્રતાનો સંબંધ અગત્યનો હોય, અથવા વ્યક્તિ મિત્ર તરીકે અગત્યની હોય, તો નાની નાની ભૂલો અવગણો. રાઈનો પહાડ ના બનાવો. કદાચ કોઈ બાબતે આપણને દુ:ખ થયું હોય તો તે શાંતિથી વાત કહી, સામે વળી વ્યક્તિના વિચાર તર્કને જાણી, તેને માફ કરી અને મન-હૃદય ચોખ્ખું કરી દેવું જોઈએ. પણ યાદ રહે, માફીની પ્રક્રિયા જ્યારે ઘટના સંપૂર્ણપણે ભૂલી જઈએ ત્યારે જ પૂરી થાય. ઘણાં લોકોની આદત પ્રમાણે પછીથી સામેની વ્યક્તિને મહેણાં/ટોણાં મારી કે ‘સંભળાવી/ચોપડાવી’દેવાનું હોય તો એને માફ કર્યું ના કહેવાય. માફી આપવાથી સ્ટ્રેસ ઘટે છે અને માનસિક શાંતિ મળે છે, સંબંધ નિભાવવાનો ભાર પણ લાગતો નથી. માફી ન આપવાથી અર્થ વિનાની દલીલો ચાલુ રહે છે અને સંબંધ ડહોળાય છે જે પછી ક્યારેય પહેલા જેવો કે સારો થઈ શકતો નથી કે સુધારી શકાતો નથી. એટલે, ‘FORGIVE AND FORGET’

**૪. અધિકાર અને જવાબદારી:**

જો અધિકાર જોઈતો હોય તો જવાબદારી પણ નિભાવવી પડે. જો આપણે અપેક્ષાઓ રાખતા હોઈએ તો સામે અપેક્ષાઓ પૂરી કરવાનું એટલું જ જરૂરી છે. પરંતુ સાચા સંબંધમાં કદી અપેક્ષાઓ ના હોય. સાચા સંબંધમાં તો અપેક્ષા વિના “આપવાનું” જ હોય. ઈશ્વરની વ્યવસ્થામાં જેટલું ‘આપીએ’ તેનાથી અનેકગણું ‘મળે’ છે. પરંતુ જો મળવાની ગણતરીથી આપીએ તો કશું ના મળે. જો એ કરે તો જ હું કરું, એ તો સોદો થયો. સંબંધમાં સોદા ના થાય. અપેક્ષા વિના આપવું, અને આપીને ભૂલી જવું એ જ સાચા મિત્રનું લક્ષણ. ‘GIVE AND THEN GET’. ઘરમાં કોઈ વનસ્પતિના કે ફૂલના છોડને પાણી સીંચીએ, અને તેનું જતન કરીએ અને પછી તેમાંથી ફૂલ અથવા ફળ મળે તેમ જ પહેલા સંબંધને સીંચવો પડે, તેને સતત ‘આપવું’ પડે, અને પછી તેની

જાતે જ (રાહ જોઈને બેસી રહેવાથી કે એની સામે તાકી રહેવાથી નહીં) તેમાંથી ફૂલ કે ફળ રૂપી આનંદ અને સંતોષ મળે.

મિત્રતાના સંબંધમાં કદી અહમને સ્થાન ના હોય, વ્યક્તિની અગત્યતા હોય. અન્ય કોઈ પણ સંબંધ કરતાં મિત્રતાનો સંબંધ જીવનમાં વધુ ખુશી આપે. સગાંમાં સ્વાર્થ હોય, મિત્રતામાં નહીં. મિત્ર સાથે અહમ રાખવાના બદલે તેના હોવાનું ગર્વ રાખવું વધારે હિતાવહ અને ફાયદાકારક છે. મિત્રતા એ કોઈ નફા નુકસાનનો ધંધો નથી. આથી “મેં આ કર્યું અને તેં આ ના કર્યું” - એવી ગણતરી મિત્રતામાં ન કરાય. સાચો મિત્ર સૂર્ય જેવો હોય, જે પોતે બળીને પણ બીજાને તેજ આપે, કોઈ પોતાની સામે ના જોવે તો પણ તે બીજાના જીવનને પ્રકાશિત કરે.

આ બધા ગુણો કે આદતો પોતાનામાં કેળવવી બહુ અઘરું નથી. તે સાહજિક રીતે જ થાય. પરંતુ આ ગુણો લઈને કોઈ મિત્ર શોધવા ના નીકળાય અથવા આવા ગુણો અને આદતો વાળા મિત્રને દીવો લઈને શોધવા ના નીકળાય. સારા મિત્રો બનાવવા માટે ખરેખર તો આપણે પોતે જ કોઈના સારા મિત્ર બનવું પડે. એમાં પણ પહેલ આપણી જ હોવી જોઈએ. વર્ષમાં એક દિવસ ‘ફ્રેન્ડશિપ ડે’ ઉજવી ફ્રેન્ડશિપ બેલ્ટ બાંધી કે આખો દિવસ કોઈના આવેલા વૉટ્સએપ મેસેજ ફોરવર્ડ કરવાથી મિત્રતા ઘનિષ્ઠ નથી બનતી. એ ઘનિષ્ઠતા કેળવવા કાઇંક કેટલુંય ‘છોડવું’, ‘આપવું’ કે ‘કરવું’ પડે અને એ સતત કોઈ પણ ગણતરી વિના કર્યા જ કરવું પડે. તો જ જીવનભર આપણાં સારા નરસા દિવસોમાં સાથે રહેનાર મિત્રોના સહવાસનું નસીબ ખીલે.



# લેખ/વાર્તા/માઈક્રોફિક્શન/કવિતા મોકલવા માટે

(૧) માત્ર શ્રુતિ ગુજરાતી ફોન્ટમાં 'Word File Format'માં ટાઈપ કરી ભાષા અને જોડણીની ભૂલો ચકાસી રચના મોકલવી. ભાષાશુદ્ધિ અને જોડણીમાં જો વધુ ભૂલો હશે તો કૃતિ સ્વીકારવામાં આવશે નહિ, જેની નોંધ લેવી. ગુજરાતી લખાણના બધા નિયમો પળાય એ સૌથી પાયાની જરૂરિયાત છે.

(૨) કોઈ પણ ઓનલાઈન કે ઓફલાઇન પ્લેટફોર્મ પર અપ્રકાશિત હોય, એવી જ કૃતિ મોકલવી. કૃતિ સ્વરચિત અને મૌલિક હોવી જોઈએ.

(૩) કૃતિમાં મોટેભાગે ગુજરાતી જ ટાઈપ કર્યું હોય એ જરૂરી છે. અમુક શબ્દો ગુજરાતી, હિન્દી અથવા સંસ્કૃત ભાષામાં ટાઈપ કરેલા ચાલશે. પણ એ શક્ય હોય ત્યાં સુધી ઓછા રાખવા. જેથી સમરસતા સચવાઈ રહે.

**(૪) કૃતિ માત્ર મેઇલ દ્વારા જ સ્વીકારવામાં આવે છે. અમારું મેઇલ-એડ્રેસ આ મુજબ છે: pankhemagazine@gmail.com**

(૫) કૃતિ મેઇલ કર્યા પછી જો સિલેક્ટ થશે તો જાણ કરવામાં આવશે.

(૬) 'પંખ' બિન-વ્યવસાયિક મેગેઝીન હોવાથી અમારા તરફથી કોઈ પણ પ્રકારનો પુરસ્કાર આપવામાં આવતો નથી.

(૭) તમે મોકલેલી કૃતિ-સ્વીકારનો અંતિમ નિર્ણય 'પંખ'ની ટીમનો રહેશે.

## આપને આ અંક કેવો લાગ્યો, એના વિશે થોડો સમય કાઢીને આપના પ્રતિભાવો અવશ્ય આપજો.

https://wa.me/916355953355

# ટીમ 'પંખ'

યાજ્ઞિક વઘાસિયા

કેયુર દુધાત

મનોરી શાહ

અનંત ગોહિલ

વિરલ જોશી

હોઝેફા અગવાન

---

# સહભાગી પાંખો

ધ્રુવિલ ચોડવડીયા

મિહિર ગેડીયા

## આ અંકમાં સહભાગી કલમો

ઝવેરચંદ મેઘાણી
રાજુલ ભાનુશાલી
ધર્મેન્દ્ર જોષી
તેજલ શાહ
ડૉ. કાર્તિક શાહ
હીરલ વ્યાસ

વિપુલ હડિયા
ડૉ. રંજન જોષી
બંસરી જોષી
કિશન એમ. દાવડા
નીલેશ ગોહિલ
નિકુંજ ભટ્ટ

---

## ફોટોગ્રાફી

કિશન જાની (ફ્રન્ટ કવર)

https://instagram.com/berojgar_?igshid=dyy5fg24him

ધર્મવીરસિંહ ઝાલા (બેક કવર)

https://instagram.com/zalas_street?igshid=du4ihadu2v04

